**આજનો સુવિચાર**

અનંત શ્રદ્ધા અને બળ, એજ માત્ર સફળતાનું રહસ્ય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૫૫ જૂનાગઢ તા.૧૩-૦૬-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 155, Junagadh : Date : 13 Jun, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


### નીટ મામલે સુપ્રિમ કોર્ટમાં સુનાવણી : પરીક્ષા સંપૂર્ણ રીતે રદ કરવી યોગ્ય નહી : એનટીએની સુપ્રિમમાં રજુઆત

# ગ્રેસીંગ ધરાવતા ૧૫૬૩ વિદ્યાર્થીઓની પુર્નઃ પરીક્ષા લેવાશે - સ્કોરકાર્ડ રદ

## નીટમાં કોઈ ભ્રષ્ટાચાર થયો નહી હોવાનું શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું નિવેદન : ૧૫૬૩ વિદ્યાર્થીઓની ૨૩ જુને પુર્નઃ પરીક્ષા



નવી દિલ્હી તા. ૧૩

સમગ્ર દેશમાં નીટ મામલે ચાલી રહેલા હોબાળાને પગલે તેમજ સુપ્રિમ કોર્ટમાં નીટની પરીક્ષાને રદ કરતી અરજીઓ પર આજે સુનાવણી ચાલી રહી છે. જેમાં આજે નેશનલ ટેસ્ટીંગ એજન્સી (એનટીએ) દ્વારા સુપ્રિમ કોર્ટમાં એવું જણાવવામાં આવ્યું હતું કે, જે ૧૫૬૩ વિદ્યાર્થીઓને ગ્રેસીંગ માર્કસ આપવામાં આવ્યા છે તે ગ્રેસીંગ માર્કસ હટાવી દેવામાં આવશે અને તેમનો સ્કોરકાર્ડ રદ કરવામાં આવ્યા છે.

હવે આ ૧૫૬૩ વિદ્યાર્થીઓની ૨૩ જુને પુર્નઃઉ પરીક્ષા લેવામાં આવશે અને તા. ૩૦ જૂને તેનું પરીણામ જાહેર કરવામાં આવશે. જે ।વિદ્યાર્થીઓ પુર્નઃ પરીક્ષા નહી આપે તેમનું ગ્રેસીંગ માર્કસ વગરનું સ્કોરકાર્ડ ગણવામાં આવશે.

બીજી તરફ કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આજે એવું નિવેદન કર્યુ છે કે, નીટની પરીક્ષામાં કોઈ ભ્રષ્ટાચાર થયો નથી. સમગ્ર મામલાની તપાસ કરવા માટે કમીટીની રચના કરવામાં આવી છે. કોઈ પેપર લીક થયું નથી અને સમગ્ર કાર્યવાહી પારદર્શીતા સાથે થશે. શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને નીટની પરીક્ષામાં ગોટાળાનો ઈન્કાર કર્યો હતો.

**NEET** પરીક્ષામાં થયેલી ગેરરીતિઓને લઈને સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કેન્દ્ર દ્વારા એવી દરખાસ્ત કરવામાં આવી હતી કે ગ્રેસ માર્ક્સ મેળવનાર ૧૫૬૩ ઉમેદવારોના સ્કોરકાર્ડ રદ કરવામાં આવશે. આ પછી ગ્રેસ માર્ક્સ વિના સ્કોર કાર્ડ જારી કરવામાં આવશે.

આ ઉમેદવારો માટે હવે ૨૩ જૂને ફરી પરીક્ષા લેવામાં આવશે. પરિણામ ૩૦ જૂન પહેલા જાહેર કરવામાં આવશે. જેથી કરીને જુલાઈમાં શરૂ થતા કાઉન્સેલિંગને અસર ન થાય અને ૬ જુલાઈની પહેલાથી જ નક્કી કરેલી તારીખથી તમામ બાળકોનું કાઉન્સેલિંગ એકસાથે થઈ શકે. પરીક્ષામાં બેસવા માંગતા ન હોય તેવા ઉમેદવારનું પરિણામ ગ્રેસ માર્ક્સ વિના જૂના સ્કોરકાર્ડના આધારે જ ગણવામાં આવશે. સુપ્રીમ કોર્ટે કેન્દ્રના આ પ્રસ્તાવને સ્વીકારી લીધો છે.

મેડિકલ એન્ટ્રન્સ ટેસ્ટ એટલે કે નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ **UG (NEET UG)** પરીક્ષા દેશભરમાં લેવાઈ હતી. ગુજરાતમાંથી અંદાજે ૮૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ અને દેશમાંથી ૨૪ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

અગાઉ ૧૧ જૂને સુપ્રીમ કોર્ટે વિદ્યાર્થી શિવાંગી મિશ્રા અને અન્ય ૯ વિદ્યાર્થીઓની અરજી પર સુનાવણી કરી હતી. પરિણામની જાહેરાત પહેલા ૧ જૂનના રોજ ફાઈલ કરવામાં આવી હતી. ઉમેદવારોએ બિહાર અને રાજસ્થાનના પરીક્ષા કેન્દ્રો પર ખોટા પ્રશ્નપત્રોના વિતરણને કારણે અનિયમિતતા અંગે ફરિયાદ કરી હતી અને પરીક્ષા રદ કરવા અને **SIT** તપાસની માગ કરી હતી.

આ મામલામાં હવે આગામી સુનાવણી ૮ જુલાઈએ થશે.

## આવશ્યક ચીજવસ્તુઓની યાદીમાં વધુ ૧૬ વસ્તુઓનો સમાવેશ કરાશે

નવી દિલ્હી,તા. ૧૩ઃ ખાદ્ય ચીજવસ્તુઓની વધતી જતી મોંઘવારીને અંકુશમાં લેવા સરકાર ચિંતિત છે. આ ક્રમમાં, કેન્દ્ર સરકાર આવશ્યક ચીજવસ્તુઓની યાદીમાં ૧૬ નવી વસ્તુઓનો સમાવેશ કરવાની તૈયારી કરી રહી છે જેની કિંમતો પર નજર રાખવામાં આવે છે. સૂત્રોએ આ માહિતી આપી હતી. જો આવું થાય, તો કિંમત પર નજર રાખવામાં આવેલી વસ્તુઓની સંખ્યા વધીને ૩૮ થઈ જશે.

સૂત્રોએ જણાવ્યું કે શાકભાજીના ભાવમાં સૌથી વધુ વધઘટ જોવા મળે છે. તેથી, ૧૬ નવી સંભવિત ભાવ મોનિટર કરેલ કોમોડિટીઝમાં શાકભાજીનો સમાવેશ કરી શકાય છે. આવશ્યક ચીજવસ્તુઓના છૂટક અને જથ્થાબંધ ભાવો પર નજર રાખવાથી સરકારને વધઘટને વધુ સારી રીતે સમજવામાં અને જરૂરી પગલાં લેવામાં મદદ મળશે.


## વિમા પોલિસી પર હવે લોનની સુવિધા મળશે

નવી દિલ્હી,તા.૧૩

ભારતીય વીમા વિનિયામક અને વિકાસ ઓથોરીટી (ઈરડા)એ તમામ જીવન વીમા બચત ઉત્પાદનોમાં પોલીસી લોનની સુવિધા હવે ફરજીયાત કરી દીધી છે, જેથી પોલીસીધારકોને રોકડ સંબંધી જરૂરતોને પુરી કરવામાં મદદ મળશે.

જીવન વીમા પોલીસીના સંબંધમાં બધા નિયમોને એકીકૃત કરનાર માસ્ટર પરિપત્રને બુધવારે જાહેર કરીને ઈરડાએ જણાવ્યું હતું કે ઈરડાએ કહ્યું હતું કે, ફ્રી લુક અવધી હવે ૩૦ દિવસની છે. પહેલા આ સમયગાળો ૧૫ દિવસનો હતો. ફ્રી લુક સમયગાળામાં પોલીસીના નિયમો અને શરતોને સમીક્ષા કરવા માટે સમય આપવામાં આવે છે.

## રાજકોટ અગ્નીકાંડ મામલે ૨૦ જુને સીટનો ફાઈનલ રીપોર્ટ આવશે : સરકાર કોઈને નહી છોડે



ગાંધીનગર,તા.૧૩

રાજકોટમાં ગેમઝોન અગ્નિકાંડની તપાસ કરવા માટે રાજય સરકાર દ્વારા પોલીસ અધિકારી સુભાષ ત્રિવેદીના વડપણ હેઠળ 'સીટ'ની રચના કરાઈ હતી. જેમણે તેમનો પ્રાથમિક રિપોર્ટ ૩૧મેના રોજ રાજય સરકારને સુપરત કરી દીધો હતો.

જેના આધારે આ દુર્ઘટનામાં પ્રથમ દ્દષ્ટિએ સામેલ જણાતા ૬ અધિકારીને તાત્કાલિક સસ્પેન્ડ કરી દીધા હતા. એવી જ રીતે રાજકોટ મ્યુનિ. કમિશનર આનંદ પટેલ અને રાજકોટ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવની પણ બદલી કરી દેવાઈ હતી.

દરમ્યાનમાં સરકારે સીટને વધુ ઝીણવટભરી તપાસ કરીને આ દુર્ઘટનાનો ડિટેઈલ-રીપોર્ટ સરકારને સોંપવાનો આદેશ કર્યો હતો. જેના પગલે તમામ સંબંધિતોના નિવેદનો લેવાઈ રહ્યાં છે. દસ્તાવેજી પુરાવા એકત્રિત કરાઈ રહ્યા છે અને હવે આગામી ૨૦ જૂન સુધીમાં સીટ વિસ્તૃત રિપોર્ટ રાજય સરકારને સોંપશે. જેના આધારે રાજય સરકાર આ દુર્ઘટનામાં સામેલ કે જવાબદારો સામે કડકમાં કડક કાર્યવાહી કરવાનું મન બનાવી ચૂકી છે. આ અગ્નિકાંડ અંગે હાઈકોર્ટે પણ સુઓમોટો સુનાવણી હાથ ધરી છે. જેની મુદત ૨૦ જૂન છે એટલે કે આ વિસ્તૃત રિપોર્ટ મળ્યા બાદ સરકાર આ રિપોર્ટ હાઈકોર્ટમાં રજૂ કરશે.

રાજયમાં લોકસભાની ચૂંટણીને લઈ ૧૬મી માર્ચથી ૬ઠ્ઠી જુન સુધી ચૂંટણી આચારસંહિતા અમલમાં હતી એટલે રાજય મંત્રીમંડળ (કેબિનેટ)ની બેઠક મળી શકી ન હતી પરંતુ હવે, આચારસંહિતા પૂરી થયા બાદ મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને પ્રથમ મંત્રીમંડળની બેઠકો મળી હતી. જેમાં આ મુદ્દે પણ વિગતે ચર્ચા કરાઈ હતી.

### અયોધ્યામાં ભાજપની કારમી હાર કેમ થઈ ?

## અયોધ્યામાં યોજાયેલ અભિષેકનો કાર્યક્રમ રાજકીય હતો : શંકરાચાર્ય

અયોધ્યા તા. ૧૩

યુપી લોકસભા ચૂંટણીના પરિણામો બાદ ઈન્ડિયા બ્લોકનું પ્રદર્શન તેની અપેક્ષા કરતા ઘણું સારૂ રહયું છે. આ સાથે જ ભાજપને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. ભાજપનો યુપીમાં ૭૦થી વધુ સીટો જીતવાની આશા હતી. પરંતુ આવું થયું નહી. ભાજપને બેઠકો ઘટીને અડધાથી પણ ઓછી થઈ હતી. ભાજપને માત્ર ૩૩ બેઠકો મળી હતી. એનડીએ તેના સાથી પક્ષો સહિત માત્ર ૩૬ બેઠકો જીતી શક્યા.

છેવટે, આ હારના કારણો શું હતા? શું વધુ પડતા આત્મવિશ્વાસના કારણે ભાજપને હારનો સામનો કરવો પડ્યો? જ્યાં રામ મંદિરનું નિર્માણ થયું હતું. ત્યાં પણ ભાજપની હાર કેમ થઈ ?આ બાબતે હવે શંકરાચાર્યનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે હાલમાં અયોધ્યામાં રામ મંદિર નિર્માણનું કામ ચાલી રહ્યું છે. મંદિરના સંપૂર્ણ નિર્માણમાં ઓછામાં ઓછા અઢી વર્ષનો સમય લાગશે. તેમણે કહ્યું કે તાજેતરમાં યોજાયેલ અભિષેકનો કાર્યક્રમ રાજકીય હતો. અપૂર્ણ મંદિરનાં અભિષેકની શાસ્ત્રોમાં સખત મનાય છે.

## યુસીસી મામલે સર્વસંમતિ જરૂરી જેડીયુએ મોદી સરકારનું ટેન્શન વધાર્યુ

નવી દિલ્હી, તા. ૧૩


સમાન સીવિલ કોડ (યુસીસી)ને લઈને અલગ અલગ પક્ષોનો અભિપ્રાય અલગ અલગ કરી રહ્યો છે. કેન્દ્રનાં કાયદા અને ન્યાય મંત્રી અર્જુન રામ મેઘવાલે પદ સંભાળતા કહ્યું હતું કે યુસીસી હજુ પણ મોદી સરકારના એજન્ડાનો ભાગ છે. આ દરમિયાન જેડીયુના રાષ્ટ્રીય મહામંત્રી કે.સી.ત્યાગીએ એવું કહ્યું કે જેડીયુ યુસીસીની વિરૂધ્ધમાં નથી પણ અમે એવું ઈચ્છીએ છીએ કે આ મામલે સર્વસંમતિ બને. મોદી સરકાર ૩.૦માં જેડીયુની મહત્વની ભૂમિકા છે. ભાજપને સમાન નાગરિક કોડ લાગુ કરવો હોય તો નીતિનકુમારની જેડીયુ અને ચંદ્રાબાબુ નાયડુના ટીડીપીની સંમતિ લેવી પડે તેમ છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૭માં નીતિશકુમારે કહ્યું હતું કે સરકારે કોમન સીવીલ કોડ લાવવાનો પ્રયાસ કરવો જોઈએ.આ માટે સર્વસંમતિ અનિવાર્ય છે. તે કોઈ આદેશથી લાગુ કરવો ન જોઈએ. યુસીસીને રાજકીય નહીં પરંતુ સુધારણાના રૂપમાં જોવો જોઈએ. આ પહેલા પણ કે.સી.ત્યાગીએ અગ્નિવીર યોજનાથી મતદારો નારાજ હોવાનું અને તેમાં ફેરફાર કરવાની વાત કરી ચૂકયા છે.

## ભાજપ હવે અજીત પવાર સાથે છેડો ફાડી નાખશે

મુંબઈ તા. ૧૩

મહારાષ્ટ્રમાં મોટી રાજકીય ઉથલપાથલનાં સંકેતો મળી રહયા છે. એવી અટકળો છે કે ભારતીય જનતા પાર્ટી વિધાનસભાની ચૂંટણી પહેલા અજિત પવાર સાથે છેડો ફાડી નાખશે. જો કે હજુ સુધી ભાજપ કે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ સત્તાવાર રીતે કંઈ કહ્યું નથી. તાજેતરમાં જ રાષ્ટ્રીય સ્વયં સંઘ એટલે કે આરએસએસએ તેના મુખપત્રમાં પવાર સાથે ભાજપના ગઠબંધન પર સવાલ ઉઠાવ્યા હતા. એક અહેવાલમાં સૂત્રોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે સંઘ ભાજપ નેતૃત્વ દ્વારા એનસીપીને તોડીને અને લોકસભાની ચૂંટણી પહેલા અજિત પવારના જૂથ સાથે જવાથી ખુશ નથી.

સૂત્રોનું કહેવું છે કે ભાજપ અજીત સાથે સંબંધ તોડી શકે છે અને મુખ્યમંત્રી એકનાથ શિંદેના નેતૃત્વમાં શિવસેના સાથે મળીને વિધાનસભા ચૂંટણી લડી શકે છે.





**સી. સી. પડદાવાળા**

● ફર્નિચર ● વોલ પેપર ● પડદાનું કાપડ
● ફર્નિચર માલ ● મેટ્રેસ ● ઓફિસ કેર્ટન
● પ્લાયવુડ ● પીલો ● મોડયુલર કિચન
● હેન્ડલ
● પડદા
● સોફા
● સોફા માલ

પડદા, સોફા, ફર્નિચર વ્યાજબી ભાવે કરી આપવામાં આવશે

તળાવ ગેઈટ, રેલ્વે ક્રોસીંગ, ૧લો માળ, સયુબ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧

**મો. ૯૯૭૮૯ ૫૪૧૫૫**



**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**




# ઓખા માછીમાર ઉદ્યોગ સાથે વેપાર ઉદ્યોગનુ બે મહિનાનું લાંબુ વેકેશન



## સુદર્શન પુલ બનતા વહાણવટી સાથે હજારો વેપારીઓ બેકાર બન્યા

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૩

ઓખા ગુજરાત મેરી ટાઈમ બોર્ડના ૪૦૦ કર્મચારી નિવૃત થયા અને સુદર્શન બ્રિજ બન્યા બાદ ઓખા બેટ દ્વારકા પેન્સિજર જેટી પર ૧૭૦ જેટલી બોટો બંધ થતા ૭૦૦ જેટલા ખલાસી પરિવારો સાથે જેટી ઉપરના ૨૦૦ વેપારી પરોવારો બેરોજગાર બન્યા હતા. ત્યારે હવે માનસૂન સીઝન ને કારણે માછી મારોને ૨ મહિના આ ઉદ્યોગને વેકેશન પડતા હજારો માછી મારો સાથે અનેક નાના મોટા વેપારીઓ બે રોજગાર બન્યા છે. હવે જો સરકાર દ્વારા આ માછીમાર ઉદ્યોગને બચાવવાં તુરત કોઈ પગલાં નહિ લેવાઈ તો લાખો પરિવારો બેરોજગાર બનશે અને ઓખા ગામથી વેપારી ઓને હીજરત કરવી પડશે. અત્યારે ઓખા બેટ દ્વારકાથી સલાયા સુધીનો ૧૨૦ કિમીનો દરિયા કિનારો રેઢો પટ પડેલ છે. જ્યાં ભૂમાફિયા ઓ દ્વારા કરોડો રૂપિયાના ભાડાની લૂંટ ચલાવાય છે.

અહી સરકારને વિદેશી હુંડીયામણ સિવાય કોઈ આવક નથી. અહી પાક્કા બાંધકામની મનાઈ હોવા છતાં હજારો દંગા અને દુકાનો સાથે કરોડો રૂપિયાની અનેક જેટીઓ બની ગઈ છે. આ કિનારો સુરક્ષાની દ્રષ્ટિ એ પણ સંવેદન શીલ ગણાય છે. ત્યારે સરકાર સાથે ઈન્ડિયન નેવી, કોષ્ટગાર્ડ જેવી સુરક્ષા એજન્સી એ પણ તુરત ઘટતું કરવા લોક માંગ ઉઠી છે.

# જૂનાગઢના સાબલપુર ચોકડી ખાતેથી બીયર-દારૂ સાથે યુવાન ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનનો સ્ટાફ સાબલપુર ચોકડી ખાતે વાહન ચેકિંગ ચેકિંગ કરી રહ્યો હતો ત્યારે ધોરાજીમાં ખરાવડ પ્લોટ વિસ્તારમાં રહેતો અંકિત મનસુખભાઈ અંટાળા જીજે-૦૩-એનએ-૩૭૦૧ નંબરના બાઈક ઉપર નીકળતા તેને રોકીને તેની તલાશી લેતા તેની પાસેથી બીયરનાં ૩ ટીન મળી આવતા તેની ધરપકડ કરી બિયર તેમજ મોબાઈલ ફોન અને બાઈક મળી રૂપિયા ૩૫,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. બિયરનો જથ્થો જૂનાગઢ જીઆઈડીસીમાં રહેતા કેવલ કીસાભાઈ વાંદા પાસેથી મેળવ્યો હોવાનું તપાસમાં ખુલતા આ ઈસમ સામે પણ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે મેંદરડા પોલીસે મેંદરડામાં સામાકાંઠા વિસ્તારમાં રહેતો અલ્પેશ ભવનભાઈ ચાવડાને ઈંગ્લિશ દારૂની એક બોટલ સાથે ઝડપી લઈ તેની પાસેથી મોબાઈલ સહિત રૂપિયા ૨૯૦૦નો મુદ્દામાલ કબજે લઈ વધુ તપાસ હાથ ધરી હતી.

# ચોમાસુ નજીક છે ત્યારે શિવ મંદિરથી દુર્વેશનગર સુધીમાં પૂર સંરક્ષણ દિવાલ ક્યારે બનશે ?

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

ચોમાસુ નજીકમાં છે, પરંતુ જૂનાગઢ મનપા તંત્ર દ્વારા હજુ શિવ મંદિરથી દુર્વેશનગર સુધી પૂર સંરક્ષણ દિવાલ બનાવવામાં આવી ન હોવાથી ફરીથી જળહોનારત સર્જાય તેવી ભિતી લોકોમાં સેવાઈ રહી છે. ગત વર્ષે ચોમાસામાં ૨૩ જુલાઈના રોજ જૂનાગઢ શહેરમાંથી પસાર થતાં કાળવાનાં વોંકળાએ દૂર્વેશનગર સહિતની સોસાયટીઓ અને વિસ્તારોમાં તબાહી મચાવી દીધી હતી. વોંકળાનાં પુરના પાણી ઘુસી જતા અસંખ્ય લોકોની ઘરવખરી સહિતનો સામાન તણાઈ ગયો હતો.

તેમજ ઘરનું ફર્નિચર, વાહનોને પારાવાર નુકશાન થયું હતું. જેના પરિણામે આ લોકો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા હતાં. જેને વર્ષ પુરૂ થવામાં છે. આ જળ હોનારતનું આગામી ચોમાસામાં પુનરાવર્તન ન થાય તે માટે દરવેશ્વર મહાદેવ મંદિરથી દૂર્વેશનગર સુધી પૂર સંરક્ષણ દિવાલ બનાવવામાં આવે એવી રજૂઆત સ્થાનિક લોકો વગેરે દ્વારા મનપા તંત્ર સમક્ષ અનેક વખત કરવામાં આવી હોવા છતાં હજુ સુધી આ મુદ્દે ઘટતું કરવામાં આવ્યું ન હોવાથી અને દિવાલ બનાવવાનું ઠેરનું ઠેર હોવાના કારણે આગામી ચોમાસામાં ફરીથી જળ પ્રલય સર્જાય તેવી ભિતી સ્થાનિક રહીશોને સતાવી રહી છે. દરમ્યાન સ્થાનિક રહીશ અને રેડક્રોસ હોલના માનદ મંત્રી ડો. જગદીશ દવેએ વધુ એક વાર મનપા તંત્ર અને કોર્પોરેટરોને પૂર સંરક્ષણ દિવાલ તથા ચોમાસા દરમ્યાન કાળવાનાં વોંકળાના પાણીનો યોગ્ય નિકાલ થાય તેવી વ્યવસ્થા કરવા સહિતના મુદ્દે રજૂઆત કરી સત્વરે ચોમાસા પહેલા ઘટતું કરવાની માંગણી કરી હતી.

# માણાવદરના પ્રિતીબેન ઓઝાએ પીએચડીની ડીગ્રી મેળવી બ્રહ્મ સમાજનું ગૌરવ વધાર્યુ



(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.૧૩

મુળ જૂનાગઢના બહાઉદ્દીન કોલેજના ટોપ વન વિદ્યાર્થીનીઓમાં જેમનું નામ છે તેવા પ્રિતીબેન ઓઝા માણાવદરના મધુભાઈ વિદ્યાશંકર જોષી(કોર્ટવાળા)ના પુત્રવધુ ભણવામાં પહેલેથી જ હોશીયાર છે તેઓ બહાઉદ્દીન કોલેજમાં ટોપ વનમાં નામ આવતું તેઓ ઉચ્ચ અભ્યાસ માટે પીએચડી જોઈન્ટ કર્યુ. પ્રિતીબેન મૌલીકભાઈ જોષીએ ચિલ્ડ્રન્સ રીસર્ચ યુનિવર્સીટી ગાંધીનગર ખાતે ઈલેકટ્રીક એન્ડ ડીઈલેકટ્રીક પ્રોપર્ટી ઓફ ડોપેટ ઓકસાઈડ મટીરીયલ ફોર પોટેનસીયલ એપ્લીકેશન વિષય ઉપર ડો.નિમિષ વસોયા એસોસીયેટ પ્રોફેસરના માર્ગદર્શન હેઠળ પીએચડીની ડીગ્રી હાંસલ કરી તે માત્ર ૩ા વર્ષના ટુંકાગાળામાં સિધ્ધી મેળવી છે.

જે સિધ્ધીથી જોષી પરિવાર અને ઓઝા પરિવારનું ગૌરવ વધાર્યુ. સાથે સાથે નાથળીયા ઉનેવાળ બ્રહ્મ સમાજનું ગૌરવ વધાર્યુ. મહિલાઓ ધારે તો શું સિધ્ધી હાંસલ ન કરી શકે ? તે ધારે તો ગમે તેવા અઘરા અભ્યાસોમાં ટોપ લેવલે પહોંચી શકે છે તે સિધ્ધ કરી બતાવ્યું છે.

# કેશોદના મઢડામાં મૈત્રી કરારનાં મનદુ:ખે ૮ શખ્સનો મહિલા અને તેના પતિ ઉપર હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

કેશોદના મઢડા ગામે મૈત્રી કરાર કરી લગ્ન સબંધથી પતિ સાથે રહેતી મહિલાએ ભીમ અગિયારસ કરવા જવાની ઈચ્છા થતાં પતિને તેમના ભાઈ સાથે ફોનમાં વાત કરી તેડી જવા કહ્યું હતું. આથી ઉશ્કેરાયેલાં મહિલાના ભાઈ અને તેના મળતિયાઓ સહિત ૮ શખ્સોએ બાઈક ઉપર મઢડા ખાતે આવી મહિલાના પતિ ઉપર પાઈપ વડે હુમલો કરી ઢીકાપાટુનો માર માર્યો હતો. આથી મહિલા પતિને બચાવવા આડે પડતાં તેને પણ માર માર્યો હતો. જતાં જતાં મહિલાના ભાઈ સહિતનાઓએ મારી નાખવા ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત મહિલા અને તેના પતિને સારવાર માટે ખસેડાયાં હતાં. જયાં મહિલાના પતિ કિશોરભાઈ ભાયાભાઈ રાઠોડની ફરિયાદ આધારે પોલીસે ડેડકિયાળીના કાંતિલાલ સોંદરવા, પ્રકાશ સોંદરવા, જયેશ જાદવ, હિતેષ જાદવ, ભૌતિક જાદવ, બાલો અરજણ ગાંગેચાના દેવા સોંદરવા, કેનેડીપુરના વૈકુઠ વારગિયા સહિત ૮ શખ્સો વિરૂધ્ધ ગુન્હોં નોંધી તપાસ હાથ ધરી છે.

# આ વર્ષે અમદાવાદમાં જગન્નાથજીની રથયાત્રામાં હિલિયમ એરોસ્ટે ડ્રોનથી ૩૦૦મી ઉચાઈથી બાઝ નજર રહેશે



અમદાવાદ,તા.૧૩

અમદાવાદ શહેરમાં ૭ જુલાઈ અને અષાઢી બીજના રોજ ભગવાન જગન્નાથની ૧૪૭મી રથયાત્રા નીકળશે. ઓડિશાના જગન્નાથ પુરી બાદ દેશની બીજા નંબરની સૌથી મોટી રથયાત્રા અમદાવાદમાં નીકળે છે.

રથયાત્રામાં માત્ર અમદાવાદીઓ જ નહીં બીજા રાજ્યો સહિત આસપાસના શહેરો અને ગામડાંમાંથી અમદાવાદ શહેર પોલીસ કમિશનર જીએસ મલિકે જણાવ્યું હતું કે, શહેરમાં આ વખતે હિલિયમ એરોસ્ટે ડ્રોનનો ઉપયોગ કરવામાં આવનાર છે, જેને એજન્સીઓ પાસેથી મંગાવવામાં આવી રહ્યું છે. સામાન્ય રીતે સરહદી વિસ્તારમાં તેનો ઉપયોગ થતો હોય છે, આ વખતે અમદાવાદના સંવેદનશીલ વિસ્તારમાં તેનો ઉપયોગ થવાનો છે.

અમદાવાદમાં આ વખતે રથયાત્રામાં ખાસ આકર્ષણ તરીકે શહેરના સંવેદનશીલ વિસ્તારમાં હિલિયમ એરોસ્ટે ડ્રોનનો ઉપયોગ થવાનો છે, જેને હિલિયમ બલૂન સાથે ૩૦૦ મીટર ઉપર હવામાં સ્થાયી કરવામાં આવશે. આ બલૂનની ચારે તરફ હાઈ રિઝોલ્યુશન કેમેરા નાઈટ વિઝન ફોકસ હોય તેવા લેન્સ અને તેને ખાસ મોનિટરિંગ કરી શકાય તેવા એક્સપર્ટને આ માટે રાખવામાં આવશે.

સામાન્ય રીતે આ ટેક્નોલોજીનો ઉપયોગ સરહદી વિસ્તારમાં થાય છે, તેમ જ જમ્મુ કાશ્મીરમાં જ્યાં તંગદિલી જેવું વાતાવરણ હોય છે. એટલે કે કોઈ જગ્યાએ આશંકા કે ટોળા ભેગા થાય તે સમયે કઈ રીતે મોનિટરિંગ કરાય તેના માટે આખી વ્યવસ્થા આ બલૂન દ્વારા કરવામાં આવે છે અને તેનું મોનિટરિંગ કર્યા બાદ સ્થાનિક એજન્સી તેનું ડિટેઈલિંગનું કામ કરે છે.

આ વખતે અમદાવાદની રથયાત્રામાં પણ આ એરોસ્ટે ડ્રોન ઉપયોગમાં આવશે. જેના કારણે શહેરના મહત્વના વિસ્તારોમાં તેનાથી પાંચ કિલોમીટરની ત્રિજ્યામાં મોનિટરિંગ કરી શકાશે.

રથયાત્રા માટે પોલીસ દ્વારા કંટ્રોલરૂમ શરૂ કરાશે.અમદાવાદ શહેરમાં હવે રથયાત્રાને ગણતરીના દિવસો બાકી છે, તે માટે શહેર પોલીસ અને રાજયના પોલીસવાળા સહિતના તમામ અધિકારીઓ દ્વારા ખાસ પ્લાનિંગ કરી દેવામાં આવી છે. દર વર્ષે રથયાત્રામાં સુરક્ષાની પૂરતી વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. સંવેદનશીલ વિસ્તારોમાંથી રથયાત્રા પસાર થતી હોવાથી સુરક્ષા વ્યવસ્થાને લઈને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવે છે.

રથયાત્રાના રૂટ અને જમાલપુર જગન્નાથ મંદિર ખાતે પણ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવતો હોય છે. રથયાત્રાના બે દિવસ પહેલા જ પોલીસ મંદિર અને રથયાત્રાના રૂટ ઉપર ગોઠવાઈ જાય છે. ત્યારે આ તમામ બાબતોને લઈને ચર્ચા કરવામાં આવી હતી.સીપી સહિતના પોલીસ અધિકારીઓએ મંદિરે દર્શન કર્યા હતાં.સાથે સુરક્ષાની સમીક્ષા કરી હતી.

### ઓડિશાની નવી ભાજપ સરકારે લીધો મોટો નિર્ણય

# આજે જગન્નાથ મંદિરના તમામ ૪ દરવાજા ખોલવામાં આવશે

નવી દિલ્હી, તા.૧૩

ઓડિશામાં નવી ચૂંટાયેલી ભારતીય જનતા પાટીની સરકારે બુધવારે પુરીમાં શ્રી જગન્નાથ મંદિરના ચારેય દરવાજા ફરીથી ખોલવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. સરકારે મંદિર સાથે સંબંધિત મહત્વના મુદ્દાઓ પર ધ્યાન આપવા માટે ૫૦૦ કરોડ રૂપિયાના વિશેષ ભંડોળની પણ જાહેરાત કરી હતી.મુખ્ય પ્રધાન મોહન ચરણ માઝી સહિત સમગ્ર કેબિનેટ પણ ચાર દરવાજા ખોલવાના સાક્ષી બનવા માટે ગુરુવારે સવારે યાત્રાધામ શહેરમાં હશે.પ્રસ્તાવને મંજૂરી આપ્યા બાદ મોહન ચરણ માઝીએ મીડિયાને જણાવ્યું કે, ''રાજ્ય સરકારે ગુરુવારે સવારે તમામ મંત્રીઓની હાજરીમાં પુરી જગન્નાથ મંદિરના ચારેય દરવાજા ફરીથી ખોલવાનો નિર્ણય લીધો છે. ભક્તો મંદિરમાં પ્રવેશ કરી શકશે. ચાર દરવાજા.''માંઝીએ વધુમાં કહ્યું કે મંદિરમાં આવતા ભક્તોને દરવાજા બંધ હોવાને કારણે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો અને તાજેતરના નિર્ણયથી તેમની યાત્રા સરળ બનશે.નોંધનીય છે કે ભાજપે પોતાના વિધાનસભા ચૂંટણી ઢંઢેરામાં જગન્નાથ મંદિરના તમામ દરવાજા ખોલવાનું વચન પણ આપ્યું હતું.અગાઉની BJD સરકારે કોવિડ-૧૯ રોગચાળા પછી મંદિરના ચારેય દરવાજા બંધ રાખ્યા હતા. ભક્તો માત્ર એક જ દ્વારથી પ્રવેશી શકતા હતા અને તમામ દરવાજા ખોલવાની માંગ કરવામાં આવી હતી.આ પહેલા બુધવારે, ચાર વખતના ધારાસભ્ય અને કેઓંઝાર જિલ્લાના આદિવાસી નેતા મોહન ચરણ માઝીએ ભુવનેશ્વરમાં એક સમારોહમાં ઓડિશાના પ્રથમ ભાજપના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા, જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ઘણા કેન્દ્રીય પ્રધાનો અને મુખ્ય પ્રધાનોએ હાજરી આપી હતી.

### નરસિમ્હા રાવ, વાજપેયી અને મનમોહને દાખલો બેસાડ્યો છે

# ઈતિહાસ સાક્ષી છે, ગઠબંધન સરકારોએ મજબૂત નિર્ણયો લીધા છે...

નવી દિલ્હી, તા.૧૩

૧૦ જૂન, ૨૦૨૪ ના રોજ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શપથ લઈને ઈતિહાસ રચ્યો, સતત ત્રીજી વખત દેશના વડા પ્રધાન બનનાર દેશના બીજા નેતા બન્યા. આ પહેલા જવાહર લાલ નેહરુ ત્રણ વખત (૧૯૫૨, ૧૯૫૭, ૧૯૬૨) ચૂંટાયા બાદ વડાપ્રધાન બન્યા હતા. પરંતુ આ વખતે સરકાર ૨૦૧૪ કે ૨૦૧૯ જેવી નથી, દેશની જનતાએ આ લોકસભા ચૂંટણીમાં કોઈપણ પક્ષને પૂર્ણ બહુમતી આપી નથી. ભારતીય જનતા પાટી ચોક્કસપણે ૨૪૦ બેઠકો સાથે સૌથી મોટી પાટી તરીકે ઉભરી આવી છે, પરંતુ બહુમતીનો આંકડો ૩૨ પગલાં દૂર છે. તેથી આ વખતે સાથી પક્ષોના સમર્થનથી સરકાર બની છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી મોટા નિર્ણયો લેવા માટે જાણીતા છે, તેમણે ૨૦૧૪ થી ૨૦૨૪ સુધી ઘણા અભૂતપૂર્વ નિર્ણયો લીધા છે. પરંતુ તે સમયે સ્થિતિ અલગ હતી, કારણ કે જનતાએ ભાજપને સંપૂર્ણ જનાદેશ આપ્યો હતો.

જો વર્ષ ૨૦૧૪ની વાત કરીએ તો એકલા ભાજપને ૨૮૨ બેઠકો મળી હતી, જ્યારે ૨૦૧૯માં દેશના મતદારોએ કેન્દ્રીય નેતૃત્વ પર વધુ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો, જેના કારણે ભાજપે ૩૦૦નો આંકડો પાર કર્યો હતો. તે લોકસભા ચૂંટણીમાં ભાજપને ૩૦૩ બેઠકો મળી હતી.૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપને ૨૪૦ બેઠકો મળવાને કારણે આ વખતે ગઠબંધનની મદદથી સરકાર બની છે. જેના કારણે એવો અવાજ સતત સંભળાઈ રહ્યો છે કે શું સરકાર કોઈ મોટો નિર્ણય લઈ શકશે કે પછી તેણે દર વખતે ખચકાટ સાથે નિર્ણય લેવો પડશે.પરંતુ એ વાત પણ સાચી છે કે ભારતમાં એવા ઘણા વડાપ્રધાન થયા છે જેમણે લઘુમતીમાં હોવા છતાં દેશની દશા અને દિશા બદલી નાખનારા ઘણા મોટા નિર્ણયો લીધા છે અને પોતાનો પાંચ વર્ષનો કાર્યકાળ પણ પૂરો કર્યો છે.

વર્ષ ૧૯૯૧માં દેશમાં લોકસભાની ચૂંટણી યોજાઈ હતી, જ્યારે પરિણામો આવ્યા ત્યારે કોંગ્રેસ સૌથી મોટી પાટી તરીકે ઉભરી હતી, પરંતુ તેને બહુમતી ન મળી, પીવી નરસિમ્હા રાવ લઘુમતી સરકારના વડાપ્રધાન બન્યા, જેને પાછળથી સમર્થન મળ્યું. બહારથી કેટલાક પક્ષો દ્વારા. ૧૯૯૧ માં, ભારતની આર્થિક સ્થિતિ ખૂબ જ ખરાબ થઈ ગઈ હતી અને જાન્યુઆરી ૧૯૯૧ માં, ભારત પાસે માત્ર ૮૯૦ મિલિયન ડોલરનું વિદેશી હૂંડિયામણ હતું, જે લગભગ બે અઠવાડિયાની આયાત માટે પૂરતું હતું. તે પછી, પીવી નરસિમ્હા રાવે એક મોટો નિર્ણય લીધો, ૨૧ જુલાઈ ૧૯૯૧ના રોજ, સરકારી બજેટ આવ્યું, જેમાં નવી આર્થિક નીતિઓ લાગુ કરીને ભારતની અર્થવ્યવસ્થાને સંપૂર્ણ રીતે ખોલી દેવામાં આવી. અહીંથી જ દેશમાં ઉદારીકરણની શરૂઆત થઈ. આ ઐતિહાસિક બજેટ તત્કાલિન નાણામંત્રી મનમોહન સિંહે રજૂ કર્યું હતું.

# જૂનાગઢ સિવિલમાં સારવાર દરમ્યાન બિન વારસુ અજાણ્યા વૃધ્ધનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ સિવિલમાં સારવાર દરમ્યાન બિનવારસુ અજાણ્યા વૃધ્ધનું મૃત્યું નિપજ્યું હતું. ભવનાથમાં જિલ્લા પંચાયત ગેસ્ટ હાઉસ પાસેથી એક અજાણ્યા ૬૦ વર્ષની વયના બીમાર બિનવારસુ વૃધ્ધને ૮ જૂનના રોજ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ ૧૧ જૂનના રોજ આ વૃધ્ધનું સારવાર દરમ્યાન મૃત્યું થતાં ભવનાથ પોલીસે આગળની કાર્યવાહી કરી મૃતકની ઓળખ મેળવવા વધુ તપાસ હાથ ધરી છે.

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **વાલીબેન લખમણ વદર** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **વાલીબેન લખમણભાઈ વદર** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**વાલીબેન લખમણભાઈ વદર**

પ્લોટ નં.પર, પૃથ્વી પાર્ક, સરદાર બાગ પાછળ,

મીરાનગર પાસે, જૂનાગઢ - ૩૬૨૦૦૧



# કારગીલ વિજય દિનને ૨૫ વર્ષ પૂર્ણ થતાં દ્વારકાથી કારગીલ સુધી બાઈક રેલીને ફલેગ ઓફ કરાઈ

## ભારતીય સેના દ્વારા શહીદોને શ્રધ્ધાંજલિ તથા હીરોને યાદ કરવા બાઈક રેલી



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા. ૧૩

દર વર્ષે ૨૬મી જુલાઈના રોજ શહીદ વીરોને શ્રધ્ધાંજલિ પાઠવવા તથા કારગીલ યુધ્ધના હીરો યાદ કરવા કારગીલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે કારગીલ વિજયને ૨૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે, ત્યારે ભારતીય સેના દ્વારા આ વિજય દિનની વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવી હતી. ભારતીયા સેના અને આર્ટિલરી રેજીમેન્ટ દ્વારા મોટરસાઈકલ રેલી અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં દેશના પૂર્વ, દક્ષિણ તથા પશ્ચિમ છેવાડાના મહત્વના સેન્ટરથી કારગીલ સુધી બાઈક રેલી યોજવામાં આવી છે. બુધવારે આઠ મોટરસાયકલની ત્રણ ટીમો પશ્ચિમી છેવાડાના ગુજરાતના દ્વારકાથી કારગીલ તરફ, પૂર્વમાં આસામના દિનજનથી તેમજ દક્ષિણમાં તમિલનાડુના ધનુષકોડીથી ઐતિહાસિક યાત્રા નિકળી હતી. આ ત્રણેય દિશાના બાઈકર્સની ટીમો એકતા અને સ્થિતિ સ્થાપકતાના પ્રતિક તરીકે વિવિધ ભૂપ્રદેશોના પડકારરૂપ માર્ગો પાર કરી ત્રણેય ટીમો દિલ્હી ખાતે એકસાથે એકત્ર થશે. જ્યાં તેમની સાથે વધારાની ટીમ જોડાશે. ત્યાર બાદ બે અલગ અલગ નોર્ધન આર્ટરીઝ શ્રીનગર અને મનાલી દ્વારા સંયુકત ટીમ રૂપે કારગીલ યુધ્ધમાં વ્યુહાત્મક મહત્વ ધરાવતા દ્રાસમાં ગનહીલ તરફ પ્રયાણ કરશે.

દ્વારકામાં બુધવારે વરિષ્ઠ સૈન્ય અને નાગરીક વહીવટી તંત્રના મહાનુભાવો દ્વારા દ્વારા ખાતેથી પશ્ચિમી સેગમેન્ટને ફલેગ ઓફ કરવામાં આવ્યું હતું. આ સાથે કારગિલ યુદ્ધમાં શહીદ થયેલા તેમજ કારગીલ યુદ્ધમાં ભાગ લેનારા સૈનિકોનું સ્મૃતિચિન્હ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ બાઈક રેલવે રેલીમાં હીરો મોટો દ્વારા મોટરસાયકલો આપવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં લોકોએ એકત્ર થઈને આ પ્રસંગ માણ્યો હતો. દ્વારકાના સનસેટ પોઈન્ટ ખાતેથી આ બાઈકનું ઝંડી બતાવીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સેના દ્વારા દ્વારકાની ભૂમિને પસંદ કરવા બદલ દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર જી.ટી. પંડ્યા દ્વારા સેનાનો આભાર માનવામાં આવ્યો હતો અને દ્વારકાથી નીકળેલી બાઈક રેલી સુરક્ષિત રીતે કારગીલ પહોંચે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# જૂનાગઢમાં ગો કથાકારનું મિલન અને મુલાકાત યોજાઈ



જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢના માધવ સ્મૃતી આર.એસ.એસ કાર્યાલય ખાતે ગો કથા કાર અને ગો ચાહકોની પ્રથમ મિલન બેઠક મળી હતી. જૂનાગઢ, પોરબંદર અને ગીર સોમનાથમાંથી નિમંત્રિત મહેમાનો પધાર્યા હતા. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ સને ૨૦૦૯ માં કરનાલ હરિયાણાથી શરૂ કરેલી વિશ્વ મંગલ ગો યાત્રામાં ૧૨,૦૦૦ની યાત્રાનો વિશેષ ઉલ્લેખ થયો હતો. સને ૨૦૨૫ માં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ ૧૦૦ વર્ષ પુરા કરે છે ત્યારે ગો મહિમા અને પંચ ગવ્ય નો ઉપયોગ થાય અને ગો શાળા આત્મ નિર્ભર બને એ મુખ્ય આશય છે. ગાય માતાનું આપણા શાસ્ત્રોમાં મહત્વ, વિજ્ઞાન દરેક પરિવાર સુધી પહોંચે સમાજના દરેક લોકોના હૃદયમાં ગાયનું પુનઃ પ્રતિષ્ઠા થાય, ગાય માતાનું યોગ્ય સ્થાન ફરીથી પ્રાપ્ત થાય આવા ઊંમદા વિચારથી એક ગો કથાકારોનું મિલન યોજાયું હતું. આ બેઠકમાં કચ્છના સૌરાષ્ટ્ર પ્રાંત ટોળીના ગો કથાકાર ધનેશ્વર જી.જોશી (સદગુરૂ શ્રી રાયમલ ધામ, અંજાર કચ્છ ) સાદી સરળ ભાષામાં માર્ગદર્શન આપ્યું હતું. ગો ઉપાસક અને શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞના સંયોજક મયૂર મો રાવલ, કથાકાર પૂજ્ય મનોજભાઈ ભટ્ટ, વરીઠ કથાકાર પૂજ્ય રવિભાઈ દાદા, શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞના શાસ્ત્રી કમલેશભાઈ મહેતા, શાસ્ત્રી અંકિતભાઈ જોષી, કચ્છના મેઘજીભાઈ હિરાણી, તાલાલાથી ચેતનભાઈ સોલંકી, ઉમેશભાઈ મહેતા, અતુલભાઈ ભટ્ટ ગો કથાની વાત, ગો મહિમા, ધેનું માનસ ગ્રંથ, અનેક ગ્રંથો સવિસ્તાર માહિતીની ચર્ચા કરવામાં આવી હતી. સ્વાગત પ્રવચન અને બેઠકની રૂપરેખા ધીરજભાઈ ભાલાણીએ સુંદર માહિતી આપી હતી. રાજુભાઈ રાવલ અને પ્રોફેસર થાનકી સરે વ્યવસ્થા ઉતમ રીતે કરી હતી. બ્રહ્મ ભોજન કરી ગો પ્રેમીઓ છુંટા પડ્યા હતા. વિદાય ટાણે ગો વિજ્ઞાન અધ્યન અને શોધ સંસ્થાનના વડા અને આયુર્વેદિક યુનિવર્સિટી પંચ કર્મ વિભાગના વિભાગાધ્યક્ષ આયુર્વેદચાર્ય ડો.હિતેશ જાની ‘પૃથ્વી પરનું અમૃત ગાય માતાનું દુધ, પુસ્તક સપ્રેમ ભેટ આપવામાં આવ્યુ હતું.

# જૂનાગઢ જીલ્લા રોજગાર કચેરી દ્વારા તા. ૧૫ જુનના રોજ ભરતી મેળો યોજાશે

જૂનાગઢ,તા.૧૩

જૂનાગઢ જિલ્લાનાં રોજગારવાંચ્છુઓને રોજગારીનો ઉમદા અવસર પ્રાપ્ય થાય તેવા હેતુસર ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ પરફેક્ટ ઓટો, એસ.એમ.એફ.જી. ઈન્ડિયા ક્રેડિટ કં.લી. તથા રીયલ લેમીનેટ એકમમાં ભરતી હેતુ ખાલી પડેલ સેલ્સ એક્ઝુકેટીવ તથા ગ્રુપ ક્રેડિટ ઓફિસરની જગ્યાઓ માટે ૧૮ થી ૩૫ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાને અનુરૂપ એચ.એસ.સી, કે સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગારવાંચ્છુઓ માટે ભરતીમેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, બી વિંગ, પ્રથમ માળ, બહુમાળી ભવન, જૂનાગઢ ખાતે તા.૧૫/૬/ ૨૦૨૪ના રોજ સવારે ૧૦:૩૦કલાકે કરવામાં આવેલ છે.

આ ભરતીમેળામાં ભાગ લેવા હેતુસર રોજગારવાંચ્છુઓએ શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતીમેળા સ્થળ ઉપર ઉપસ્થિત થવાનું રહેશે. ભરતીમેળામાં રોજગારવાંચ્છુઓ અનુબંધમ પોર્ટલ https://anubandham.gujarat.gov.in ના માધ્યમથી પણ ભાગ લઈ શકે છે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢના ટેલીફોન નંબર ૦૨૮૫-૨૬૨૦૧૩૯ પણ સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

# ખંભાળિયામાં ફટાકડા લાયસન્સ સંદર્ભે તંત્ર દ્વારા વ્યાપક તપાસ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૩

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા પ્રાંત વિસ્તાર હેઠળ આવતા ખંભાળિયા તાલુકા તેમજ ભાણવડ તાલુકામાં ફટાકડાના વેચાણ સંદર્ભે તંત્ર દ્વારા સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે. આ અંતર્ગત અહીંના નાયબ કલેક્ટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ કે.કે. કરમટાના વડપણ હેઠળ સ્થાનિક મામલતદાર, પોલીસ અને ફાયર વિભાગની ટીમે સંયુક્ત રીતે ચેકિંગ કાર્યવાહી કરી અને અહીં જે કોઈ આસામી કાયમી ફટાકડા વેચાણ કરવા અંગેનું લાયસન્સ ધરાવે છે, તે તમામ આસામીઓના લાયસન્સ તેમજ સ્થળ તપાસણી કરવામાં આવી હતી. આ ટીમ દ્વારા જે કોઈ લાયસન્સધારકની કામગીરી ધોરણસર ના હોય તેવા આસામીઓના લાયસન્સ રદ કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. તંત્રની આ સઘન કામગીરીથી અનિયમિત રહેલા લાયસન્સધારકોમાં ફફડાટ સાથે દોડધામ મચી જવા પામી છે.

# કોડીનારના સર્વે વસવાયા સમાજ દ્વારા સગીરાને ઉઠાવી જનાર વિરૂધ્ધ કડક કાર્યવાહીની માંગ

## કોડીનાર મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું, આવનારા બે દિવસમાં સગીર દીકરી તેમના પરિવારને નહીં મળે તો આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી





(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧૩

કોડીનારના સર્વે વસવાયા સમાજની એક સગીર વયની દીકરીને તેની બાજુની શેરીમાં રહેતા એક યુવાને ધાક ધમકી લોભ અને લગ્નની લાલચ આપીને ભગાડી ગયા અંગેની સગીરાના પિતાએ આપેલી પોલીસ ફરિયાદમાં પોલીસે આરોપીને છાવરવાના કરેલા પ્રયાસ સામે આજે કોડીનારના સર્વે વસવાયા સમાજ દ્વારા કોડીનાર સોમનાથ મંદિરે ભેગા થઈ વિશાળ સંખ્યામાં રેલીયોજી તંત્રને પાઠવતું એક વિસ્તૃત આવેદનપત્ર કોડીનાર મામલતદારને આપ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યું હતું કે સગીર દીકરીને ભગાડી જનાર યુવાનને પકડી તેમની સગીર દીકરીનો કબજો અપાવવા તેમજ સગીરાના પિતાએ કરેલી ફરિયાદમાં પોલીસે આરોપીને છાવરવાના કરેલા પ્રયાસ અંગે જવાબદાર પોલીસ અધિકારીની સામે પણ પગલા લેવા માંગણી કરી હતી. કોડીનાર માં રહેતી ૧૬ વર્ષ અને આઠ મહિનાની દીકરીને ચેતન ભીમા ભાલીયા નામનો યુવાન લગ્નની લાલચ લોભ અને ધાગધમકી આપીને બદ કામ કરવાના ઈરાદે ગત તારીખ ૧૦ના રોજ ભગાડી જવા અંગે પોલીસમાં ફરિયાદ આપી હતી જે અંગે પોલીસે કલમ ૩૬૩ અને ૩૬૬ મુજબ ધોરણ સર ફરિયાદ નોંધ હતી પરંતુ આરોપી સામેની પોસ્કોની કલમ નોંધવામાં બેદરકારી રાખી હતી સમગ્ર બાબતે વસવાયાં સમાજ દ્વારા આજરોજ રાજ્યના ગૃહ મંત્રી સહિતના તમામ અધિકારીને સંબોધન કરતું એક વિસ્તૃત આવેદનપત્ર પાઠવીને પોલીસની કામગીરી સામે ભારોભાર રોષ વ્યક્ત કર્યો હતો. આરોપી ચેતન ભાલીયા દારૂના ધંધા સાથે સંકળાયેલ હોવા ઉપરાંત માથાભારે અને ઘાતકી સ્વભાવનો હોય અને રાજકીયવગ પણ ધરાવતો હોય પોલીસે તેમને છાવરવાના કરેલા પ્રયાસ સામે જવાબદાર પોલીસ સામે પગલાં લેવા ઉપરાંત આરોપીને તુરત જ ઝડપી લેવા તેની સામે પોસ્કોની કલમ લગાડી સગીરાને તેની ચૂગલમાંથી છોડાવવા માંગણી કરી છે અન્યથા જનજાગરણ, આંદોલાત્મક કાર્યક્રમ અને કાનૂની પગલા લેવા આવેદનપત્રમાં ચીમકી આપવામાં આવી છે

# પ્રેરણાદાયી સેવા પ્રવૃત્તિ : સલાયાની સરકારી શાળામાં આચાર્યની જહેમતથી રૂા.પોણા ૧૪ લાખ જેટલું અનુદાન સાંપડ્યું

## શિક્ષણ પ્રેમીઓ દ્વારા બેન્ચ, વોટર કુલર, સીસીટીવી વગેરેનું અનુદાન : વિદ્યાર્થીઓ, વાલીઓમાં ભારે આવકાર




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૩

ખંભાળિયા તાલુકાના સલાયા ગામની સરકારી માધ્યમિક શાળામાં ફરજ બજાવતા આચાર્યએ ફરજનિષ્ઠા સાથે પ્રેરણારૂપ પ્રવૃત્તિ કરી અને શિક્ષણ પ્રેમી સ્થાનિકોને ટહેલ નાખતા આ શાળા માટે રૂપિયા ૧૩.૭૫ લાખની કિંમતની ચીજ વસ્તુઓ સહિતનું નોંધપાત્ર અનુદાન સાંભળ્યું છે.

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે આવેલી સરકારી માધ્યમિક શાળા માટે સ્થાનિકો દ્વારા જરૂરી ચીજ વસ્તુઓ મળી રહે તેવા ઉમદા આશય સાથે શાળાના આચાર્ય જગમાલભાઈ ભેટારીયાની પહેલથી સ્થાનિક અગ્રણી અજીતભાઈ કીરતસાતા, પરેશભાઈ કાનાણી, સચિનભાઈ જેઠવા, સુરેશભાઈ શાહ, જગદીશભાઈ ગોહિલ, અને એસ.જી. ચન્ને પ્રેરિત સલાયાની માધ્યમિક શાળાની ભવ્ય ઈમારતમાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ માટે જુદા જુદા આઠ દાતાઓ દ્વારા નોંધપાત્ર અનુદાન મળ્યું હતું જેમાં રૂપિયા ૬ લાખના ખર્ચે કસ્તુરબેન મૂળજીભાઈ પારેખ ફાઉન્ડેશન (ભગવાનજીભાઈ પારેખ) દ્વારા દરેક વર્ગખંડમાં બેન્ચીસ અને તેમના દ્વારા જ રૂપિયા પાંચ લાખના ખર્ચે શિક્ષક અને સિનિટેશન માટેના વાર્ષિક પગાર ખર્ચ ઉપરાંત રૂપિયા એક લાખના ખર્ચ અને વોટર કુલર, રૂપિયા ૧૫,૦૦૦ ના ખર્ચે લેક્ચર સ્ટેન્ડનું અનુદાન મળ્યું છે.

આ ઉપરાંત સુલેમાન ઓસમાણ હાજી ભાયા દ્વારા રૂપિયા એક લાખના ખર્ચે સમગ્ર શાળામાં ૧૨ સી.સી. ટી.વી. કેમેરા અને રૂા.૨૫,૦૦૦ ના ખર્ચે પંખા અને ટ્યુબ લાઈટ તેમજ રૂા.૩૫,૦૦૦ ના ખર્ચે અલીભાઈ ગાયત્રી વાળા દ્વારા ઈન્વર્ટરનું અનુદાન મળ્યું છે.

આમ, સપ્તાહ દરમિયાન દાતાઓ દ્વારા શાળામાં સારી બ્રાન્ડની ચીજ વસ્તુઓ માટે તેમજ શૈક્ષણિક ગુણવત્તા સુધરે તે હેતુથી રૂપિયા ૧૩.૭૫ લાખની ચીજો લોક ભાગીદારીથી આપવામાં આવી છે. આ એવા પ્રવૃત્તિ બદલ સલાયા માધ્યમિક શાળાના સ્ટાફ અને વાલીઓ વતી શાળાના આચાર્ય જગમાલભાઈ ભેટારીયાએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ખંભાળિયા: નયારા એનર્જી દ્વારા પર્યાવરણ દિવસની વૈવિધ્યતાસભર ઉજવણી કરાઈ





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૩

ખંભાળિયા તાલુકાના વાડીનાર નજીક આવેલી નયારા એનર્જી દ્વારા પર્યાવરણ દિવસ નિમિતે વૃક્ષારોપણની સાથે સાથે પર્યાવરણ વિષે જાગૃતતા આવે એ માટે વૈવિધ્યતાસભર કાર્યક્રમોનું આયોજન કરી ઉજવણી કરવામાં આવી હતી.

પર્યાવરણની સુરક્ષા માટે જાગૃતિ અને તે અંગે થઈ રહેલી કાર્યવાહીને પ્રોત્સાહિત કરવા માટે નયારા એનર્જીના ઔદ્યોગિક સામાજિક જવાબદારી વિભાગ દ્વારા એક સપ્તાહ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રિફાઈનરીની નજીક આવેલા ૧૩ ગામોમાં ૩૦૦થી વધુ સહભાગીઓના હસ્તે ૪૫૦થી વધુ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. એક નવતર પહેલના ભાગરૂપે વૃક્ષારોપણની સાથે ઓર્ગેનિક ઉત્પાદનો જેવા કે મસાલા, બાજરી અને શાકભાજીનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું.

"સ્વચ્છ હાલાર" કાર્યક્રમ અંતર્ગત જામનગરના સરદાર વલ્લભભાઈ પટેલ એમ્યુઝમેન્ટ પાર્ક પાસે તેમજ ખંભાળિયાના વોર્ડ નંબર ૭ માં પ્લાસ્ટિકની ખરાબ અસરો, પ્લાસ્ટિક રિ-સાયકલિંગ, તેમની શેલ્ફ લાઈફ અને પ્લાસ્ટિકને બદલવા માટે ઉપયોગમાં લઈ શકાય તેવા વિકલ્પોને લગતા મુદ્દાઓ પર સમજ અપાઈ હતી. જેમાં ૩૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો. ખંભાળિયાના ઈક્યુબેશન સેન્ટરમાં કાપડના કચરામાંથી બનાવેલ વિવિધ અપસાયકલ ઉત્પાદનો દર્શાવતું કાઉન્ટર પણ હતું. નયારા એનર્જીના પ્રોજેક્ટ તુષ્ટિ હેઠળ જામનગર, દેવભૂમિ દ્વારકા અને નર્મદા જિલ્લાની ૨૦ આંગણવાડીઓમાં ચીકુ, લીમડા જેવા વૃક્ષોનું રોપણ, આંગણવાડીની આસપાસ સફાઈ, આંતરિક તળાવ બનાવવા, ફળિયામાં પર્યાવરણ સાકાર કરવું, પક્ષીઓ માટે બર્ડ ફીડર બનાવવું વગેરે જેવા કાર્યો કરવામાં આવ્યા હતા જેમાં બાળકોની સાથે આંગણવાડીની બહેનોએ પણ ઉત્સાહસભેર ભાગ લીધો હતો. ખંભાળિયા નજીક નયારા એનર્જીના રિફાઈનરી વિસ્તારમાં પર્યાવરણ વિભાગ દ્વારા કર્મચારીઓના સહયોગથી વૃક્ષારોપણ ઝુંબેશ કરાઈ હતી. મરીન ટર્મિનલ દ્વારા સરકારી વિભાગો માટે તાલીમ અને જાગૃતિ સત્રનું વાડીનારના દીનદયાલ પોર્ટ ઓથોરિટી ટ્રેનિંગ હોલમાં આયોજન કરવામાં આવ્યું હતું જેમાં "દરિયાઈ અને દરિયાઈ પર્યાવરણ" પર તાલીમ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પોર્ટ અને ભારતીય કોસ્ટ ગાર્ડના ૨૬ જવાનોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત વાડીનાર બંદર વિસ્તારમાં અને તેની આસપાસ કિનારાની સફાઈની કવાયતનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦ જેટલા કર્મચારીઓએ કિનારાની સફાઈ પ્રવૃત્તિઓમાં સ્વૈચ્છિક સેવા આપી હતી. ટર્મિનલની નવી નાખેલી વાડ વિસ્તારમાં વૃક્ષારોપણ હાથ ધરવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# સંશોધન પાછળ ખર્ચ વધે

ભારતે વિજ્ઞાન અને ટેકનિક ક્ષેત્રે ઉલ્લેખનીય ઉપલબ્ધિઓ હાંસલ કરી છે, પરંતુ તેમાં વૈશ્વિક સ્તર પર આપણી હાજરી અપેક્ષાકૃત બહુ ઓછી છે. સંશોધન અને વિકાસ ખાતે આપણો ખર્ચ દેશના સકલ ઘરેલુ ઉત્પાદન (જીડીપી)ના ૦.૭ ટકાથી પણ ઓછો છે, જ્યારે આ ખર્ચની વૈશ્વિક સરેરાશ ૧.૮ ટકા છે. ભારતના વિજ્ઞાન અને ટેકનિક વિભાગના સચિવ અભય કરંદીકરે કહ્યું છે કે આપણે જ આંતરરાષ્ટ્રીય સ્તરે અગ્રણી થવું હશે તો શોધ અને વિકાસમાં ખર્ચમાં ઉલ્લેખનીય વધારો કરતાં તેને જીડીપીના ૩ થી ૪ ટકા કરવો જોઈએ. કરંદીકર એન્જિનિયર અને સંશોધક છે તથા દૂરસંચાર ક્ષેત્રે પોતાના યોગદાન માટે પ્રતિષ્ઠિતછે.

સચિવ બનતાં પહેલાં તેઓ આઈઆઈટી, કાનપુરના નિર્દેશક અને પ્રાધ્યાપક રહી ચૂક્યા છે. તેમના અનુભવ, ઉપલબ્ધિ અને યોગદાનને જોતાં શોધ અને શંશોધન સંબંધે તેમના સૂચનનું મહત્ત્વ વધી જાય છે. તેમણે યોગ્ય રીતેજ રેખાંકિત કર્યું કે ખર્ચ વધારવાનું કામ સરકાર એકલી ન કરી શકે. તેમાં ખાનગી ક્ષેત્રએ આગળ વધીને ભાગીદારી કરવી પડશે. જે દેશ શોધ અને વિકાસ ખાતે પોતાના જીડીપીના બે ટકાથી વધારે ખર્ચ કરે છે, તેમાં ૭૦ થી ૮૦ ટકા યોગદાન ખાનગી ક્ષેત્રથી આવે છે.

ભારતે આ ખર્ચને બે ટકા કરવાનું લ-ય નિર્ધારિત કર્યું છે, પરંતુ સંશોધન ખર્ચમાં સતત વૃદ્ધિ છતાં ક્યારેય તે એક ટકાના સ્તર સુધી પણ પહોંચી નથી શક્યો. ખાનગી ક્ષેત્રની ભાગીદારી વધવાથી અનેક લાભ થઈ શકે છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે એવું થવાથી ધનની અછત દૂર થશે અને સંસાધનોની ઉપલબ્ધતા વધશે. કાનગી ક્ષેત્રને બજારની જરૂરિયાતોની જાણકારી પણ વધારે હોય છે. તેનાથી અન્વેષણ, ઉત્પાદન વિકાસ અને ટેકનિકને લાગુ કરવામાં તેજી આવે છે.

ટેકનિકના લાભ પણ લોકો સુધી જલ્દી પહોંચે છે. માનવ સંસાધનના મામલે પણ પડકારો છે. દેશમાં પ્રતિભાઓની ઉણપ નથી. ભારતમાં શિક્ષિત-પ્રશિક્ષિત લોકો દુનિયાભરનાં શોધ કેન્દ્રો તથા ઉન્નત ટેકનિકની કંપનીઓમાં કાર્યરત છે. પરંતુ ભારતમાં જે પ્રતિભા અને કૌશલ છે તે આટલા મોટા દેશ માટે પર્યાપ્ત નથી. આવી સ્થિતિમાં આપણે વિજ્ઞાનના ક્ષેત્ર, વિશેષ રૂપે નવા અને ઉન્નત ક્ષેત્રોમાં વધુ માનવ સંસાધનની જરૂર છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્વોન્ટમ ટેકનિક, સેમીકંડક્ટર વગેરેમાં આપણી પ્રગતિ ઉલ્લેખનીય છે, પરંતુ તે અનેક દેશોમાં થઈ રહેલ કાર્યો બરાબર નથી. આ ક્ષેત્રોમાં સ્ટાર્ટઅપ આવવાથી નવી સંભાવનાઓ પેદા થઈ છે. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે કેન્દ્ર સરકારે ક્વોન્ટમ મિશનની શરૂઆત પણ કરી છે. જો ધનની ઉપલબ્ધિ વધશે તો નિશ્ચિતપણે વિજ્ઞાન અને ટેકનિકમાં તેજી આવશે.

# વિસાવદર આબાજળ ડેમમાં સૌની યોજનાથી નર્મદાના નીર પહોંચ્યા

## ધારાસભ્ય નથી તો શું થયું વિસાવદર મારી માતૃભૂમિ છે : પૂર્વ ધારાસભ્ય હર્ષદ રિબડીયા



(વિનુ પુરોહીત દ્વારા)

વિસાવદર તા.૧૩

વિસાવદર શહેરને પીવાનું પાણી પૂરું પાડતો આબાજળ ડેમ સુકાઈ ગયેલ તથા નગરપાલિકાના કુવા તથા બોરમાં પાણીના તળિયા દેખાઈ જતા અને વરસાદ લંબાતા વિસાવદરમાં પાણીની વિકટ પરિસ્થિતિ ઉભી થતા લોકોના શ્વાસ અધ્ધર થઈ ગયેલ અને આ બાબતે નગરપાલિકા દ્વારા શહેરમાં રિક્ષાઓ ફેરવી પાણીનો બગાડ નહિ કરવા અને પાણીની બચત કરવા લોકોને અપીલ કરેલ હતી અને આ બાબતે વિસાવદરના પૂર્વ ધારાસભ્ય હર્ષદ રિબડીયા ને મળી આ બાબતે સરકારમાં રજુઆત કરી પીવાના પાણીની સમસ્યા દૂર કરવા વિનંતી કરેલ ત્યારે તાબડતોબ શ્રી રિબડીયા એ જણાવેલ કે હું ધારાસભ્ય નથી તો શું થયું વિસાવદર મારી માતૃભૂમિ અને કર્મભૂમિ છે વિસાવદરની કોઈપણ સમસ્યાએ મારી સમસ્યા છે તેવું જણાવી તાત્કાલિક પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાનો સંપર્ક કરી સ્થાનિક નેતાગીરીમાંથી પૂર્વે ધારાસભ્ય હર્ષદભાઈ રીબડીયા તથા હરીભાઈ રીબડીયા વિસાવદર તાલુકા ભાજપ પ્રમુખે સરકારશ્રીના મંત્રીને ખેડુત લક્ષી આ બાબતની અંગત રસ લઈને રજૂઆત કરી હતી.તેના ફળસ્વરૂપે આજે વિસાવદર તાલુકાનાં ખેડૂતો માટે સુખદ સમાચાર આવ્યા હતા. જેમા વિસાવદર શહેર ને પીવાનું પાણી પૂરું પાડતા આંબાજળ ડેમમાં સૌની યોજના મારફત નર્મદાના નીર પહોંચ્યા વિસાવદર શહેરના લોકો તથા ખેડૂતોમાં આનંદની લાગણી વ્યાપ્ત થઈ હતી. આ સમયે સતાધારના મહંતશ્રી વિજયબાપુ દ્વારા નર્મદાના નીરને પૂજાકરીને વધાવ્યા હતા.

આ તકે સિંચાઈ ના અધિકારી પાંડે સાહેબ હાજર રહ્યા હતા. વિસાવદર નગરપાલિકા ના કુવા બોરમાં પાણીની ઘટ ઉભીથતા પીવાના પાણીનો પ્રશ્ન ઉપસ્થિત થાય તે પહેલા નર્મદાનું પાણી પહોંચાડવા બદલ ગુજરાત સરકાર તેમજ સિંચાઈ પાણીપુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાનો વિસાવદર શહેરના લોકોએ ખેડૂતો વતી હૃદયથી આભાર માન્યો હતો તેવું એક અખબારી યાદીમાં જણાવાયું છે.

### વિદેશ જવાનો મોહ ભારે પડ્યો

# અમેરિકા લઈ જવાના બહાને એજન્ટોએ ૫૦ લાખ પડાવ્યા

## ભારત પરત ફરવું પણ મુશ્કેલ પડી ગયું હતું. જે બાદ ભોગ બનનાર જીતેન્દ્ર પરમારના ભાઈ ભાવિક પરમારે પોલીસ ફરિયાદ નોંધાવતા એજન્ટ ભાવેશ પટેલની પોલીસે ધરપકડ કરી

ગાંધીનગર,તા.૧૩

વિદેશ મોકલવાની લાલચ આપીને એજન્ટો લાખો અને કરોડો રૂપિયા ચાંઉ કરી જતા હોય તેવા અનેક બનાવો પ્રકાશમાં આવતા હોય છે. તેવું જ ગાંધીનગર જિલ્લામાં આવેલા કલોલ ગામમાં રહેતા એક પરિવાર સાથે બન્યું છે. વિદેશ જવાનો મોહ બતાવીને એજન્ટોએ ૫૦ લાખ રૂપિયા પડાવી લીધા. માત્ર રૂપિયા પડાવ્યા એટલું જ નહીં પરંતુ એક સમયે તો એવો દિવસ આવી ગયો હતો ભારત પરત ફરવું પણ મુશ્કેલ પડી ગયું હતું. જે બાદ ભોગ બનનાર જીતેન્દ્ર પરમારના ભાઈ ભાવિક પરમારે પોલીસ ફરિયાદ નોંધાવતા એજન્ટ ભાવેશ પટેલની પોલીસે ધરપકડ કરી છે. કલોલ ગામમાં રહેતા જીતેન્દ્ર પરમાર તેમના પત્ની વર્ષબેન તેમના પુત્ર નક્ષિતને અમેરિકા મોકલવાની લાલચ આપીને એજન્ટએ એક કરોડની માગણી કરી હતી. પરંતુ છેલ્લે ૪૦ લાખમાં તમામને અમેરિકા મોકલી આપવાની ડીલ ફાઈનલ થઈ હતી. તેમજ એજન્ટ મિહિર પટેલ કે જેને જીતેન્દ્ર પરમારના પરિવારને માત્ર અમેરિકા મોકલવાની જ નહીં પરંતુ રહેવાની અને નોકરીની વ્યવસ્થા કરી આપવાની પણ લાલચ આપી હતી. જીતેન્દ્ર પટેલ અને તેમના પરિવારને અમેરિકા મોકલવાની લાલચ આપી અલગ અલગ દેશમાં ફેરવવામાં આવ્યા.

માત્ર એટલું જ નહીં પરંતુ મલેશિયામાં તો એક રૂમમાં ગોંધી રાખવામાં આવ્યા હતા. એક સમયે તો જીતેન્દ્ર પરમારના પરિવારને વતન પરત ફરવું પણ મુશ્કેલ બની ગયું હતું. ત્યારે સમગ્ર ઘટના કંઈ રીતે બની અને એજન્ટો કંઈ રીતે ૪૦ લાખ ચાઉ કરી ગયા તેને લઈને ફફ ની ટીમે ભોગ બનનાર જીતેન્દ્ર પરમાર સાથે વાતચીત કરી છે. એજન્ટનો ભોગ બનનાર જીતેન્દ્ર પરમારની વાત સાંભળતા રૂંવાટા ઊભા થઈ જાય છે. મિહિર પટેલ નામના એજન્ટએ થાઈલેન્ડથી અમેરિકા મોકલવાનું કહીને જીતેન્દ્ર પરમાર અને તેમના પરિવારને થાઈલેન્ડ મોકલ્યા હતા. જીતેન્દ્ર પરમાર અને તેમના પેરિવારના સાથે ભાવેશ પટેલ નામનો એજન્ટ પણ સાથે ગયો હતો. અલગ અલગ દેશમાં ફેરવીને જીતેન્દ્ર પરમારના ભાઈ પાસેથી લાખો રૂપિયા પડાવી દીધા છે. તેમજ મોરોક્કોમાં લઈ જઈને એક રૂમમાં ગોંધી રાખવામાં આવ્યા હતા. ત્યાંથી વતન પરત આવવું પણ જીતેન્દ્ર પટેલ અને તેમના પરિવાર માટે મુશ્કેલ બની ગયું હતું.

પરંતુ જીતેન્દ્ર પરમાર અને તેમનો પરિવાર હેમખેમ વતન પરત આવી જાય છે. જે બાદ જીતેન્દ્ર પરમારના ભાઈએ ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પરંતુ પોલીસની કામગીરી સામે પણ સવાલ ઊભા થઈ રહ્યા છે. પોલીસ ફરિયાદ નોંધાવતી વખતે ભાવિક પરમારે લખાવ્યું હતું કે એજન્ટો પાસે NRI વિઝા હોવાથી જો તાત્કાલિક પગલાં ન લેવામાં આવે તો દેશ છોડીને ભાગી શકે છે. પોલીસની ધીમી કામગીરીને કારણે મુખ્ય એજન્ટ મિહિર પટેલ અને તેમનો પરિવાર ફરાર થઈ ચૂક્યો છે. તેમજ પોલીસે એજન્ટ ભાવેશ પટેલની ધરપકડ કરી વધુ પૂછપરછ હાથ ધરી છે. મુવીની સ્ટોરીને પણ ટક્કર મારે તેવી ઘટના કલોલના જીતેન્દ્ર પરમાર અને તેમના પરિવાર સાથે બની છે. જો પોલીસ દ્વારા કડક કાર્યવાહી અને યોગ્ય તપાસ કરીને આવા એજન્ટોને પકડવામાં નહીં આવે તો આવનાર સમયમાં ગુજરાતના વધુ કેટલાક પરિવાર આવા એજન્ટોનો ભોગ બની શકે છે.

### વિદ્યાર્થીઓ ખાનગી યુનિવર્સિટી તરફ વળ્યા

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વિવિધ કોર્ષમાં ફક્ત ૪૦ બેઠકો ભરાઇ

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કુલ ૧,૧૮,૨૪૦બેઠકો છે તેની સામે હજુ સુધી ફક્ત ૪૭,૭૧૪ વિદ્યાર્થીઓએ એડમિશન માટે અરજી કરી છે

અમદાવાદ,તા.૧૩

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આજે મોટાભાગના કોર્ષમાં બેઠકો ખાલીખમ છે. ગુજરાત બોર્ડના પરિણામોને સમય થવા છતાં પણ આજ સુધીમાં ફક્ત ૪૦.૩૫ ટકા જેટલી બેઠકો ભરાઈ છે. વિદ્યાર્થીઓ હવે સરકારી કરતાં ખાનગી યુનિવર્સિટિ તરફ વળ્યા છે. સરકારી યુનિવર્સિટીમાં પ્રવેશ પ્રક્રિયામાં વધુ પડતો વિલંબ થવાના કારણે અડધા કરતાં પણ વધુ બેઠકો ખાલી પડી છે. ગુજરાત બોર્ડના ધો.૧૨ના પરિણામ બાદ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પ્રથમ રાઉન્ડમાં માત્ર ૪૦ ટકા બેઠકો ભરાઈ છે. સોરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કુલ ૧,૧૮,૨૪૦ બેઠકો છે તેની સામે હજુ સુધી ફક્ત ૪૭,૭૧૪ વિદ્યાર્થીઓએ એડમિશન માટે અરજી કરી છે. આ અરજી કરનાર વિદ્યાર્થીઓમાં ખાસ એજ્યુકેશન, સાયન્સ, આર્કિટેક્ચર, આર્ટસ, બિઝનેસ મેનેજમેન્ટ, કોમર્સ, મેડિકલ, હોમ સાયન્સ, લો, પરર્ફોર્મિંગ આર્ટસ સહિતની ફેકલ્ટી માટે રજીસ્ટ્રેશન કર્યું છે. કહી શકાય કે પ્રવેશ પ્રક્રિયામાં પ્રથમ રાઉન્ડમાં ૬૦ ટકા જેટલી બેઠકો ખાલીખમ છે. આગામી દિવસોમાં વધુમાં વધુ ૨૦ ટકા બેઠકો ભરાવાનું અનુમાન છે કારણ કે વિદ્યાર્થીઓએ એડમિશન ના મળવાના ડરમાં ખાનગી યુનિવર્સિટીમાં પ્રવેશ લેવા લાગ્યા છે.

### ગોધરા જય જલારામ શાળા વિવાદોમાં આવી

# પંચમહાલ જિલ્લામાં નીટ પરીક્ષાના મામલે મોટો ઘટસ્ફોટ થયો

## ૧૬ વિદ્યાર્થીઓના નિવેદનો લેવાયા છે ચાર વિદ્યાર્થીઓએ નીટ પાસ કરવા માટે ૬૬ લાખ આપ્યા

પંચમહાલ,તા.૧૩

પંચમહાલ જિલ્લામાં નીટ પરીક્ષાના મામલે મોટો ઘટસ્ફોટ થયો છે. આ મામલાને લઈને ગોધરા જય જલારામ શાળા વિવાદોમાં આવી છે. ૧૬ વિદ્યાર્થીઓના નિવેદનો લેવાયા છે. ચાર વિદ્યાર્થીઓએ નીટ પાસ કરવા માટે ૬૬ લાખ આપ્યા હતા. ૧૨ વિદ્યાર્થીઓએ તો તેમા ચેકથી રૂપિયા આપ્યા હોવાની માહિતી છે. નીટના આ કૌભાંડની સઘન તપાસ થઈ રહી છે.

પંચમહાલ જિલ્લાના ગોધરામાંથી દ્ગઈઈ્ ની પરીક્ષામાં ગેરનીતિ થયાનો સૌથી મોટો ઘટસ્ફોટ થયો છે. જિલ્લા કલેકટર દ્વારા આ મામલે તપાસના આદેશ આપવામાં આવ્યા છે. કલેકટરની સજાક્તાના કારણે આ સમગ્ર રેકેટનો પર્દાફાશ થયો છે. મળતી માહિતી અનુસાર, જય જલારામ સ્કૂલના શિક્ષક તુષાર ભટ્ટ સામે ફરિયાદ નોંધવામાં આવી છે. પરીક્ષા સેન્ટરના ડેપ્યુટી અધિક્ષકની કારમાંથી ૭ લાખ રૂપિયા રોકડા મળ્યા હતા, આ સિવાય છ વિધાર્થી પાસેથી વિધાર્થીદીઠ ૧૦-૧૦ લાખ રૂપિયા લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું.જિલ્લા કલેકટરને મળેલી અંગત માહિતીના આધારે સમગ્ર કૌભાંડ સામે આવ્યું છે.

પરીક્ષા કેન્દ્ર પર જીલ્લા કલેકટર, જીલ્લા અધિક કલેકટર અને DEO તપાસ માટે પહોચ્યા હતા. પરીક્ષાના ડેપ્યુટી સેન્ટર સુપ્રિટેન્ડેન્ટની ગાડીમાંથી મળી રૂ. ૭ લાખની રોકડ રકમ હતા. પરીક્ષાના ડેપ્યુટી સેન્ટર સુપ્રીટેનમેન્ટના મોબાઈલમાંથી whatsapp ચેટમાં કુલ ૬ વિદ્યાર્થીઓને ચોરી કરાવી હોવાની માહિતી સામે આવી છે. એક વિદ્યાર્થી દીઠ ૧૦ લાખ રૂપિયા લેવાનું નક્કી થયા હોવાનું પણ સામે આવ્યું છે.સમગ્ર મામલે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા ગોધરા તાલુકા પોલીસ મથકે ત્રણ ઈસમો વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાય છે. જય જલારામ સ્કૂલ ગોધરાના શિક્ષક તુષાર ભટ્ટ, વડોદરાના રોય ઓવરસીઝ નામની કંપનીના માલિક પરશુરામ રોય અને ગોધરાના આરીફ વોરા નામના ઈસમ સામે પોલીસ ફરિયાદ નોંધાય છે.

# ઓખામાં મહિલાઓ માટે ગર્ભ સંસ્કાર કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

નયારા એનર્જી સંચાલિત પ્રોજેક્ટ તૃષ્ટિ દ્વારા આયુષ વિભાગના સહયોગથી દ્વારકા તાલુકાના ઓખા ખાતે મહિલાઓ માટે યોગ અને ગર્ભ સંસ્કાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં આયુષ વિભાગના મેડિકલ ઓફિસર દ્વારા ગર્ભ સંસ્કાર સાથે આ પરિસ્થિતિ દરમિયાન આહાર, વિહાર અને યોગ બાબતે પણ સવિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ સાથે યોગ પ્રશિક્ષક દ્વારા આંગણવાડી વર્કર અને સગર્ભા મહિલાઓને યોગ કરાવવામાં આવ્યા હતા.

આ આયોજનમાં ૭૫ સગર્ભા મહિલાઓ અને ૪૧ આંગણવાડી વર્કર બહેનો સાથે અન્ય લાભાર્થીઓએ પણ લાભ લીધો હતો.

# આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જીવનની એક પળ, કરોડો સૂવર્ણ મુદ્રાઓ આપવા છતાંય નથી મળતી.

- વાલ્મીકીજી

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.બહમન-૧૩૯૩, મુ. જીલ્હજ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, જેઠ સુદ-૭, તા.૧૩ જૂન ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૩, મુસ્લિમ તા.૬, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, વજ્ર યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૦૫, સૂ.અ.૭:૩૬

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પરિશ્રમનું શ્રેષ્ઠ ફળ મળે. ઉપરી અધિકારીથી લાભ થાય.
વૃષભ:મિલ્કતના પ્રશ્નો હલ થાય. વ્યર્થ ક્રોધ ટાળવો હિતાવહ.
મિથુન:સફળતા માટે મહેનત કરવી પડે. નવિન ખરીદી થાય.
કર્ક: કાર્યબોજ વિશેષ રહે. નાણાંભીડ અનુભવાય.
સિંહ: અણધાર્યો ધનલાભ થાય. ભાગીદારથી ચેતતા રહેવું હિતાવહ.
કન્યા: મનમાં ચંચળતા રહે. અણધારી આફત આવી પડે.
તુલા: જીવનસાથીના આરોગ્ય અંગે સંભાળવું. મનમાં વ્યગ્રતા રહે.
વૃશ્ચિક:કાર્યોમાં વિલંબથી સફળતા મળે. પરિવારજનોમાં વાદ-વિવાદ થાય.
ધન: ખર્ચ પર કાબુ રાખવો. ચિંતાનો ઉકેલ મળે.
મકર: મનમાં અશાંતિ રહે. મનની મુરાદ બર આવે.
કુંભ: નવિન આયોજનો સફળતાથી પાર પાડી શકશો. આરોગ્ય અંગે સાવચેત રહેવું.
મીન: આર્થિક સમસ્યા હળવી બને. અગત્યના કાર્યમાં સફળતા મળે.

# નલિયામાં જખૌ મરીન પોલીસને ચરસના ૯ પેકેટો મળી આવ્યા

નલિયા,તા.૧૩

ગુજરાતમાં બિનવારસી ડ્રગ્સના પેકેટ મળી આવવાનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે.નલિયામાં જખૌ મરીન પોલીસને ચરસના ૯ પેકેટો મળી આવ્યા છે. આંતરરાષ્ટ્રીય બજાર પ્રમાણે ચરસની કિંમત ૪.૮૦ કરોડ છે. સિંધોડી અને સૈયદ સુલેમાન પીર વચ્ચેના વિસ્તારમાંથી ચરસ મળ્યુ છે.અલગ અલગ વિસ્તારમાંથી બે દિવસમાં ૧૯ પેકેટ મળ્યા છે. આ અગાઉ દેવભૂમિ દ્વારકા જિલ્લા SOG તેમજ દ્વારકા પોલીસ દ્વારા દ્વારકા નજીકના દરિયા કાંઠા વિસ્તારમાંથી રૂપિયા ૧૬.૦૩ કરોડ કિંમતનો ૩૨ કિલોથી વધુ ચરસનો જથ્થો મળી આવ્યો હતો. આ પ્રકરણ બાદ સ્થાનિક પોલીસે જાહેર કરેલી ઝુંબેશ દરમિયાન રાત્રીના સમયે પોલીસને આશરે રૂપિયા ૪૩ લાખ જેટલી કિંમતનો વધુ પોણા નવસો ગ્રામ જેટલો ચરસનો જથ્થો બિનવારસી હાલતમાં મળી આવ્યો હતો. તેમજ કચ્છના પિંગલેશ્વર નજીક ચરસના ૧૦ પેકેટ જપ્ત કરાયા હતા.આ અગાઉ દ્વારકા પોલીસ તથા એસ.ઓ.જી. પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન ત્રણ બાચકામાંથી સાંપળેલા ૩૦ પ્લાસ્ટિકના પેકેટમાં રહેલો આશરે ૩૨ કિલોથી વધુ વજનનું ચરસ બિનવારસુ હાલતમાં મળી આવ્યું. આશરે રૂપિયા ૧૬.૦૩ કરોડ જેટલી આંતરરાષ્ટ્રીય બજાર કિંમત ધરાવતા ચરસના આ જથ્થા સંદર્ભે દ્વારકા પોલીસ મથકમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ આ સમગ્ર પ્રકરણ અંગેની તપાસ દ્વારકા તાબેના મીઠાપુર પોલીસ મથકના પી.એસ.આઈ.ને સોંપવામાં આવી હતી. મીઠાપુર નજીકના મોજપ ગામના દરિયા કાંઠેથી વધુ એક પેકેટ બિનવારસી હાલતમાં સાંપડ્યું હતું. જે અંગેની પોલીસ તપાસમાં તેમાં ૮૭૨ ગ્રામ ચરસ હોવાનું ખુલવા પામ્યું હતુ.આશરે રૂપિયા ૪૨ લાખથી વધુની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત ધરાવતા આ ચરસના જથ્થાને પોલીસે કબજે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ખંભાળિયામાં આવતીકાલથી બે દિવસ હાડકાની તપાસનો કેમ્પ

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૩

ખંભાળિયામાં આવતીકાલ શુક્રવાર તા. ૧૪ મી ના રોજ અત્રે રામનાથ સોસાયટી ખાતે આવેલી અમી'સ જુનિયર પ્રી-સ્કૂલ ખાતે સાંજે ચારથી સાત વાગ્યા સુધી તેમજ શનિવાર તા. ૧૫ ના રોજ શ્રીજી સોસાયટીના ગેટ નં. ૧ ખાતે સવારે ૧૦થી ૧ વાગ્યા સુધી હાડકાની તપાસના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. શરીરના જુદા જુદા ભાગોમાં સાંધાના દુ:ખાવા, ચાલવામાં પડતી તકલીફ, બાળકોના શારીરિક તેમજ માનસિક વિકાસ માટે તથા શરીરમાં કેલ્શિયમની ઉણપથી થતી તકલીફોને નિવારવા માટે યોજવામાં આવેલા બોન મિનરલ ડેન્સિટી (બી.એમ.ડી.) હાડકાની તપાસના આ કેમ્પમાં જાણીતા નિષ્ણાત દ્વારા રાહત દરે તપાસણી કરી આપવામાં આવશે. આ કેમ્પમાં ઉપસ્થિત લોકોને આરોગ્ય તેમજ ડાયટ કેલ્શિયમ અંગેની માહિતી પણ આપવામાં આવશે.

આ કેમ્પનો લાભ લેવા આયોજક પાયલ ઠકરાર (મો. ૯૪૦૮૫૩૫૧૬૯) દ્વારા ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારના લોકોને અપીલ કરવામાં આવી છે.

# અગ્નિકાંડ બાદ સુરેન્દ્રનગર પ્રાથમિક શિક્ષણ વિભાગની કાર્યવાહી

રાજકોટ,તા.૧૩ : રાજકોટ અગ્નિકાંડ બાદ તંત્ર એકા એક હરકતમાં આવ્યું છે. ગુજરાતમાં રહેલી ગેમઝોનથી લઈને શાળાઓ સુધીના તમામ એકમો પર ફાયર સેફ્ટીના સાધનો અને NOCને લઈને તપાસ હાથ ધરી છે. ત્યારે સુરેન્દ્રનગરમાં પણ શિક્ષણ વિભાગ દ્વારા ખાનગી પ્રાથમિક શાળઆઓમાં સઘન ચેકિંગ હાથ ધર્યુ છે.સુરેન્દ્રનગરની આશરે ૧૧ જેટલી ખાનગી શાળાઓમાં સેફટી જ ન હોવાનો ખુલાસો થયો છે. ૧૧ ખાનગી શાળાઓને બેદરકારી બદલ નોટિસ ફટકારવામાં આવી છે. જીવના જોખમે બાળકો શાળાઓમાં અભ્યાસ કરતા હોવાનું બહાર આવ્યું છે.બીજી તરફ આ અગાઉ રાજકોટ અગ્નિકાંડ બાદ વડોદરામાં તવાઈ બોલાવામાં આવી હતી. ફાયર અને BU પરવાનગી વગર ચાલતી પ્રિ-સ્કૂલ પર કાર્યવાહી હાથ ધરી હતી. વડોદરાના ૪ ઝોનમાં ચાલતી ૨૫ પ્રિ- સ્કૂલ સીલ કરાઈ હતી. રહેણાંક વિસ્તારમાં કોમર્શિલ વપરાશ કરતી પ્રિ-સ્કૂલ સીલ કરાઈ હતી.

# શા માટે RBI 100 ટન સોનાનો ભંડાર ભારતમાં પરત લાવી ? RBIના ગવર્નર શક્તિકાંત દાસની સ્પષ્ટતા

(એજન્સી) તા.૧૩

RBIએ ભારતના ૧૦૦ ટન સોનાનો ભંડાર દેશમાં પાછો શા માટે ખસેડ્યો ? યુકેમાંથી ભારતમાં આટલી મોટી માત્રામાં સોનું પાછું લાવવાના કેન્દ્રીય બેંકના નિર્ણય વિશે જાણ કરનાર TOI સૌપ્રથમ હતું.

ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે હવે દેશમાં ૧૦૦ ટન સોનું પાછું લાવવાના નિર્ણય પાછળનું કારણ સમજાવ્યું છે. તેમણે કહ્યું છે કે, RBIની ખરીદીને કારણે ભારતની બહાર રાખવામાં આવેલા સોનાની માત્રામાં વધારો થયો હતો અને દેશમાં સ્ટોરેજ ક્ષમતા ઉપલબ્ધ હોવાથી સોનાનો એક હિસ્સો સ્થાનિક રીતે સંગ્રહિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. દાસે જણાવ્યું હતું કે, RBI પાસે સોનાનો જથ્થો લાંબા સમય સુધી યથાવત્ રહ્યો હતો. જો કે, RBIએ તેની અનામત વ્યવસ્થાપન વ્યૂહરચનાના ભાગરૂપે સોનાની ખરીદી કરવાનું ચાલુ રાખ્યું હોવાથી દેશની બહાર સંગ્રહિત સોનાની માત્રામાં વધારો થતો રહ્યો. સ્થાનિક સ્ટોરેજ કેપેસિટીને જોતા સોનાનો એક હિસ્સો ભારતમાં સંગ્રહિત કરવો યોગ્ય લાગ્યું. દાસે કહ્યું કે, RBI પાસે સોનાનો જથ્થો લાંબા સમયથી સ્થિર હતો. ડેટા બતાવે છે તેમ RBI તેના રિઝર્વ મેનેજમેન્ટના ભાગરૂપે સોનું ખરીદી રહી હતી અને બહાર રાખવામાં આવેલ સોનાની માત્રા વધી રહી હતી. અમારી પાસે સ્થાનિક ક્ષમતા છે અને અમને લાગ્યું કે સોનાનો એક ભાગ દેશમાં સંગ્રહિત થવો જોઈએ. આનાથી વિશેષ કોઈ કારણ નથી.' જેમાં ઓછામાં ઓછા ૨૫% સોનાનો ભંડાર વિદેશમાં હોવો જોઈએ તેવું સૂચન હતું તેવી ૧૯૯૩ની રંગરાજન સમિતિની ભલામણ વિશે જ્યારે પૂછવામાં આવ્યુ ત્યારે દાસે ધ્યાન દોર્યું હતું કે ત્યારથી અત્યાર સુધીમાં નોંધપાત્ર ફેરફારો થયા છે. તેમણે ઉલ્લેખ કર્યો કે આવી બાબતોના સંચાલન માટે હાલમાં ઉચ્ચ સ્તરીય સમિતિ જવાબદાર છે. દાસે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે, માત્ર એક મીડિયા આઉટલેટે યુકેમાંથી ૧૦૦ ટન સોનું ભારતમાં RBIની તિજોરીઓમાં સ્થાળાંતરિત કરવા અંગે અહેવાલ આપ્યો હતો, જેની જાણ TOI દ્વારા ૩૧ મે, ૨૦૨૪ના રોજ કરવામાં આવી હતી. હવે લગભગ અડધું સોનું દેશની અંદર તિજોરીઓમાં સંગ્રહિત છે.

૧૯૯૧ની શરૂઆતથી અભૂતપૂર્વ પગલામાં RBIએ તેના સ્થાનિક સ્ટોકમાં કિંમતી ધાતુનો નોંધપાત્ર જથ્થો ઉમેર્યો છે. સૂત્રોએ મીડિયાને જણાવ્યું હતું કે, આગામી મહિનાઓમાં લોજિસ્ટિકલ કારણોસર અને વૈવિધ્યસભર સ્ટોરેજ માટે આટલું જ સોનું દેશની અંદર સ્થાળાંતરિત થઈ શકે છે. RBIના તાજેતરના ડેટા દર્શાવે છે કે, માર્ચના અંત સુધીમાં તેની પાસે ૮૨૨.૧ ટન સોનું હતું, જેમાં ૪૧૩.૮ ટન વિદેશમાં સંગ્રહિત છે. તાજેતરના વર્ષોમાં જેમણે સોનું ખરીદ્યું છે તેમાં મધ્યસ્થ બેંક પણ સામેલ છે, જેમાં ગયા નાણાંકીય વર્ષમાં ૨૭.૫ ટનનો ઉમેરો થયો છે. પરંપરાગત રીતે બેંક ઓફ ઈંગ્લેન્ડ એ ભારત સહિત ઘણી કેન્દ્રીય બેંકો માટે ભંડાર છે, જેમાં પીળી ધાતુના કેટલાક સ્ટોક્સ સ્વતંત્રતા પહેલાના દિવસોના છે. મીડિયા અહેવાલમાં જણાવાયું છે કે, માર્ચના અંતમાં ૧૦૦ ટન સોનાનું ટ્રાન્સફર, જે દેશના સ્ટોકનો લગભગ ચોથો ભાગ હતો, તે એક જટિલ લોજિસ્ટિકલ ઉપક્રમ હતો જેના માટે મહિનાઓનું ઝીણવટભર્યું આયોજન અને અમલીકરણ જરૂરી હતું. તેમાં નાણા મંત્રાલય, RBI અને સ્થાનિક સત્તાવાળાઓ સહિત વિવિધ સરકારી સંસ્થાઓ વચ્ચે ગાઢ સંકલન સામેલ હતું. શિપમેન્ટની સુવિધા માટે કેન્દ્રએ RBIને આ સાર્વભૌમ સંપત્તિ ઉપર અગાઉની આવકને કસ્ટમ ડ્યુટી મુક્તિ આપી. જો કે, સંકલિત GST, જે રાજ્યો સાથે વહેંચાયેલો છે, તે હજુ પણ આયાત ઉપર વસૂલવામાં આવ્યો હતો. વ્યાપક સુરક્ષા વ્યવસ્થા સાથે મોટી માત્રામાં સોનાના પરિવહન માટે એક વિશેષ વિમાનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ પગલાથી RBIને બેંક ઓફ ઈંગ્લેન્ડને ચૂકવવામાં આવતા કેટલાક સ્ટોરેજ ખર્ચમાં બચત કરવામાં મદદ મળવાની અપેક્ષા છે, જો કે રકમ નોંધપાત્ર નથી. ભારતમાં મુંબઈ અને નાગપુરમાં મિન્ટ રોડ ઉપર RBIની જૂની ઓફિસ બિલ્ડિંગમાં આવેલી તિજોરીઓમાં સોનું સંગ્રહિત છે.

# વર્ષ પહેલાં કારકિર્દી સમાપ્ત થવાની વાતો કરનારા હવે સર્વશ્રેષ્ઠ કહે છે : બુમરાહ




ન્યૂયોર્ક, તા.૧૩

વિશ્વના સર્વશ્રેષ્ઠ ઝડપી બોલરોમાંથી એક જસપ્રીત બુમરાહને લાગે છે કે, તેને એ વાત ખૂબ જ હાસ્યાસ્પદ લાગે છે કે, એક વર્ષ પહેલાં લોકો તેની કારકિર્દી સમાપ્ત થવાની વાતો કરી રહ્યા હતા અને હવે તેને સર્વશ્રેષ્ઠ કહે છે. બુમરાહે ૨૦૨૨માં પીઠના નીચલા હિસ્સામાં સ્ટ્રેસ ફ્રેક્ચર માટે સર્જરી કરાવી હતી. જેના કારણે તે ઓસ્ટ્રેલિયામાં ટી૨૦ વિશ્વકપમાં રમી શક્યો ન હતો પણ બુમરાહે છેલ્લા એક વર્ષમાં ત્રણેય ફોર્મેટમાં મળીને કુલ ૬૭ વિકેટ ઝડપીટીકાકારોનું મોં બંધ કરી દીધું છે. જેમાં રવિવારે પાકિસ્તાન વિરૂધ્ધ લો સ્કોરિંગ ટી-૨ વિશ્વકપ મુકાબલામાં ૧૪ રનમાં ત્રણ વિકેટ ઝડપનાર મેચ વિનિંગ પ્રદર્શન પણ સામેલ છે. બુમરાહે પુનરાગમન કરવાની તેની કાબેલિયત ઉપર શક કરનારા લોકોની ઝાટકણી કાઢતા કહ્યુકે, એક વર્ષ પહેલાં સુધી આ જ લોકો કહી રહ્યા હતા કે હું કદાચ ફરીવાર રમી નહીં શકું અને મારી કારકિર્દી સમાપ્ત થઈ ગઈ છે પણ હવે આ સવાલ બદલાઈ ગયો છે. ભારતે ફક્ત ૧૧૯ રનમાં સમેટાયા બાદ બુમરાહના શાનદાર પ્રદર્શનની મદદથી પાકિસ્તાનને સાત વિકેટે ૧૧૩ રનના સ્કોરે અટકાવી દીધું. બુમરાહ ટીકાકારોની 'અદલુ બદલુ' પ્રકૃતિને સારી રીતે સમજે છે અને જાણે છે કે, તેના માટે સર્વશ્રેષ્ઠ એ જ છે કે, તે પોતાના નિયંત્રણવાળી વસ્તુઓ ઉપર કામ કરે. બુમરાહે કહ્યું કે, હું શોટ ફટકારવાનું મુશ્કેલ બનાવી દઉં છું. મારા માટે સર્વશ્રેષ્ઠ વિકલ્પ શું છે આ રીતે હું વર્તમાનમાં રહેવાનો પ્રયાસ કરૂં છું અને મારે શું કરવાનું છે તેના ઉપર ફોકસ કરૂં છું. આ રીતના ભાવનાઓથી ભરેલા મુકાબલામાં બહારનો હોબાળો દબાણ બની શકે છે પણ બુમરાહ આ બધાની અવગણના કરી તેનો સામનો કરવામાં સફળ રહે છે. તેણે કહ્યું કે, હું બહારની વસ્તુઓ જોઈશ તો દબાણ અને ભાવનાઓ હાવી થઈ જશે પછી મારા માટે વસ્તુઓ કામ કરશે નહીં.

# ઓછામાં ઓછા ૧૪ કરોડ લોકો રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદાના લાભોથી વંચિત : કોંગ્રેસ

નવી દિલ્હી, તા.૧૩

કોંગ્રેસે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને ટૂંક સમયમાં જણાવવું પડશે કે અપડેટ કરેલી વસ્તીગણતરી ક્યારે હાથ ધરવામાં આવશે અને માંગ કરી છે કે તેણે સામાજિક બંધારણમાં સમાવિષ્ટ ન્યાયને "સાચો અર્થ" આપવા માટે ઓબીસી તરીકે વર્ગીકૃત કરાયેલા સમુદાયોની વસ્તીનો ડેટા પણ પ્રદાન કરવો જોઈએ. કોંગ્રેસના નેતા જયરામ રમેશે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા દર ૧૦ વર્ષે સામાજિક-આર્થિક વિકાસ માટે જરૂરી એક વ્યાપક વસ્તી ગણતરી હાથ ધરવામાં આવે છે. છેલ્લી વસ્તી ગણતરી ૨૦૨૧માં પૂર્ણ થવાની હતી. તેમણે કહ્યું કે, "પરંતુ મિસ્ટર મોદીએ તે પૂર્ણ કર્યું નહીં. ૨૦૨૧ની વસ્તી ગણતરી ન કરાવવાનું એક તાત્કાલિક પરિણામ એ છે કે ઓછામાં ઓછા ૧૪ કરોડ ભારતીયોને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ ૨૦૧૩ હેઠળના લાભોથી વંચિત રાખવામાં આવ્યા છે જેને પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના તરીકે ફરીથી નવું નામ આપવામાં આવ્યું છે." કોંગ્રેસ જનરલ સેક્રેટરીએ કહ્યું, "એક તૃતીયાંશ' વડાપ્રધાને દેશને ટૂંક સમયમાં જણાવવું પડશે કે અપડેટેડ વસ્તી ગણતરી ક્યારે હાથ ધરવામાં આવશે." તેમણે નોંધ્યું હતું કે ૧૯૫૧થી દસ વર્ષીય વસ્તી ગણતરીએ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસ્તીનો ડેટા પ્રદાન કર્યો છે. અપડેટેડ સેન્સસમાં અન્ય પછાત વર્ગો (ઓબીસી) તરીકે વર્ગીકૃત કરાયેલા સમુદાયોની વસ્તીનો ડેટા પણ આપવો જોઈએ. તેમણે કહ્યું કે, "આ આપણા પ્રજાસત્તાકના બંધારણમાં સમાવિષ્ટ સામાજિક ન્યાયને સાચો અર્થ આપશે જેને મિસ્ટર મોદી તેમના ચીયરલીડર્સ અને ઢોલ બજાવનારા દ્વારા તેના ઉપર થયેલા હુમલાથી લોકોએ હમણાં જ બચાવ્યા છે." કોંગ્રેસે તેના લોકસભા ચૂંટણી ઢંઢેરામાં દેશવ્યાપી જાતિ સર્વેક્ષણ હાથ ધરવાનું વચન આપ્યું હતું.

# ગુજરાતમાંથી બીજી વખત ચૂંટાયેલા પાંચ સાંસદોની સંપત્તિમાં ૧૦૦ ટકાથી વધુનો વધારો

અમદાવાદ, તા.૧૩

બીજી વખત લોકસભામાં ચૂંટાયેલા ૧૨માંથી લગભગ પાંચ ગુજરાતના સાંસદોએ ૨૦૧૯ની સરખામણીએ ૨૦૨૪માં તેમની સંપત્તિમાં ૧૦૦ ટકાથી વધુનો વધારો જોયો છે. એ પણ નોંધી શકાય કે ગુજરાતમાંથી ૨૬ વિજેતા સાંસદોમાંથી ૨૩ કરોડપતિ છે અને પાંચનો ગુનાહિત ઈતિહાસ છે. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર)ના અહેવાલમાં જણાવાયું છે કે, ગુજરાતના પાંચ સાંસદોની સંપત્તિમાં છેલ્લા પાંચ વર્ષમાં ૧૧૨થી ૨૭૩ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. ભરૂચમાંથી સાત વખત વિજેતા બનેલા ભાજપના સાંસદ મનસુખ વસાવાએ સૌથી વધુ ૨૭૩ ટકાનો વધારો નોંધાવ્યો હતો. ૨૦૧૯માં વસાવાની સંપત્તિનું મૂલ્ય ૬૮.૩૫ લાખ રૂપિયા હતું, જે ૨૦૨૪માં વધીને ૨.૫૪ કરોડ રૂપિયા થઈ ગયું છે, જે ૧.૮૬ કરોડ રૂપિયાનો વધારો દર્શાવે છે. વસાવા તેમની આવકનો શ્રેય તેમના લોકસભાના પગાર, બેંકના વ્યાજ અને અન્ય સ્ત્રોતોને આપે છે. જામનગરની મહિલા સાંસદ પૂનમ માડમ બીજા ક્રમે છે, તેમની સંપત્તિમાં ૧૦૪ કરોડ રૂપિયાનો વધારો થયો છે. એડીઆરના અહેવાલ અનુસાર, તેમની સંપત્તિ ૨૦૧૯માં ૪૨.૭૩ કરોડ રૂપિયાથી વધીને ૨૦૨૪માં ૧૪૭.૭૦ કરોડ રૂપિયા થઈ ગઈ છે. ગુજરાત ભાજપના ઘણા સાંસદોની સંપત્તિમાં વધારો થઈ રહ્યો છે ત્યારે ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અને નવસારીના સાંસદ સી.આર. પાટીલની સંપત્તિમાં ઘટાડો જોવા મળ્યો છે. ૨૦૧૯થી ૨૦૨૪ સુધીમાં તેમની સંપત્તિમાં ૧૧ ટકાનો ઘટાડો થયો છે. ૨૦૧૯માં પાટીલની સંપત્તિનું મૂલ્યો ૪૪.૬૦ કરોડ રૂપિયા હતું, પરંતુ ૨૦૨૪ સુધીમાં તેઓ ૫.૧૧ કરોડ રૂપિયાના ઘટાડા સાથે ઘટીને ૩૯.૪૯ કરોડ રૂપિયા થઈ ગયા હતા. ૨૦૨૪માં ગુજરાતમાંથી ૨૬ વિજેતા સાંસદ ઉમેદવારોમાંથી ૨૩ કરોડપતિ છે. આની સરખામણી ૨૦૧૯માં ૨૪ અને ૨૦૧૪માં ૨૧ કરોડપતિ સાંસદો સાથે થાય છે. આ ઉપરાંત ગાંધીનગરના સાંસદ અમિત શાહ, જૂનાગઢના સાંસદ રાજેશ ચુડાસમા, રાજકોટના સાંસદ પુરૂષોત્તમ રૂપાલા, છોટા ઉદેપુરના સાંસદ જસુ રાઠવા અને બનાસકાંઠાના કોંગ્રેસના સાંસદ ગનીબેન ઠાકોર સહિત પાંચ સામે ફોજદારી આરોપો દાખલ કરવામાં આવ્યા છે. ૨૦૨૪માં ગુજરાતમાંથી ૨૬ વિજેતા ઉમેદવારોમાંથી પાંચ સામે ફોજદારી આરોપો નોંધવામાં આવ્યા છે. આ ૨૦૧૯થી વધારો દર્શાવે છે, જ્યારે ૪ સાંસદોનો ગુનાહિત રેકોર્ડ હતો, પરંતુ ૨૦૧૪થી ઘટાડો થયો છે, જ્યારે ૯ સાંસદોનો ગુનાહિત ઈતિહાસ હતો. એડીઆર અહેવાલ અનુસાર ૨૦૨૪માં વિજેતા ઉમેદવારોમાંથી ૪૬% (ભાવિ સાંસદો) ગુનાહિત ઈતિહાસ ધરાવે છે, જેમાં ૩૧% ગંભીર આરોપોનો સામનો કરે છે. તેની સરખામણીમાં ગુનાહિત ઈતિહાસ ધરાવતા સાંસદોની ટકાવારી ૨૦૧૯માં ૪૩%, ૨૦૧૪માં ૩૪% અને ૨૦૦૯માં ૩૦% હતી.

# પહેલો સ્ટોર હશે જ્યાં ગરીબ લોકોને મફતમાં રાશનની વસ્તુઓ મળશે

સાસ્કાચેવન, તા.૧૩

કેનેડામાં એક દુકાન ખુલવા જઈ રહી છે જ્યાં જરૂરિયાતમંદ લોકોને તેમની જરૂરિયાત મુજબની તમામ રાશનની વસ્તુઓ મફતમાં મળી શકે ? એટલે કે અહીં તમારે રાશન માટે એક પણ રૂપિયો ખર્ચવાની જરૂર નહીં પડે. તો ચાલો તમને આ અનોખી દુકાન વિશે વિગતવાર જણાવીએ. જરૂરિયાતમંદ લોકો જ્યારે ઈચ્છે ત્યારે આ દુકાન ઉપર આવી શકે છે અને ટૂથપેસ્ટ, ખાંડ, તેલ, ઈંડા, મસાલા, બ્રેડ, લોટ, શાકભાજી, ફળો વગેરે જેવી દૈનિક જરૂરિયાતો મફતમાં મેળવી શકે છે. સૌથી મહત્વની વાત એ છે કે આ માટે તમને અહીં રોકવાવાળું કોઈ નહીં હોય. તમે તમારી અનુકૂળતા મુજબ આ દુકાન ઉપર જઈને તમારી જરૂરિયાત મુજબનો સામાન લઈ શકો છો. તમને જણાવી દઈએ કે આ દુકાન હજુ ખુલી નથી, પરંતુ કેનેડાના સાસ્કાચેવનના રેજિનામાં ટૂંક સમયમાં ખુલવા જઈ રહી છે. આ પહેલો સ્ટોર હશે જ્યાં ગરીબ લોકોને મફતમાં રાશનની વસ્તુઓ મળશે. આ દુકાનને કોમ્યુનિટી ફૂડ હબ નામ આપવામાં આવ્યું છે અને તે અઠવાડિયામાં પાંચ દિવસ ખુલ્લી રહેશે. રેજિના ફૂડ બેંક એક NGO છે જે લોકોને મદદ કરે છે. તેમનું માનવું છે કે આ દુકાનની મદદથી તેઓ એવા લોકોને મદદ કરી શકશે કે જેઓ પહેલા સ્વાભિમાનના કારણે ભોજન માંગવામાં અચકાતા હતા.

# લોનાર ઉલ્કાકાંડ : કુદરતની લીલાનો આહ્લાદક સાક્ષાત્કાર

મહાભારતમાં વાત આવે છે કે પાંડવોને સદાને માટે મારી નાખવા લાક્ષાગૃહનો ઉપયોગ કરવામાં આવે છે. અને તેમાંથી આગ લગાડનારને છટકવા ભોયરૂ પણ રાખવામાં આવ્યું હતું આ દર્શાવે છે કે તે વખતે લોકોને લાખના ઉપયોગની ખબર હતી. તે જરા વારમાં આગ પકડે છે તેવા લાખના ગુણની ખબર હતી. મહારાષ્ટ્રના બુલઢાણા જીલ્લામાં લોનાર નામનું એક ગામ છે તે ઔરંગાબાદથી ૮૦ કિ.મી. દુર છે ત્યાં લોનાર ગામના પાદરે બે કિ.મીના વ્યાસવાળો સુંદર ઉલ્કાકુંડ છે જાણે જમીનમાં બે કિ.મી.ના વ્યાસનો તવો (તાવડો) બેસાડયો હોય. તેની દિવાલો ખુબ જ ઢાળવાળી છે તેમાં હવે પાણી ભરાઈ ગયું છે તેથી તે તળાવ બની ગયું છે. તેથી તેને લોનાર તળાવ કે (લોનાર લેક) કહે છે તેની નજીકમાં પહાડમાંથી એક ઝરણું સતત વહ્યા કરે છે આ લોનાર તળાવ માનસરોવરની માફક તિર્થ ગણાય છે. પદ્મપુરાણમાં તેની કથા છે. લોનાર તળાવની નજીકમાં એક બીજો છીછરો ઉલ્કાકુંડ છે અને નજીકમાં સુતેલા હનુમાનજીનું મંદિર છે. લોનાર તળાવનું કે લોનાર ગામનું નામ લવણાસુર રાક્ષસના નામ ઉપરથી પડયું છે. પદ્મપુરાણની કથા પ્રમાણે લવણાસુર નામનો રાક્ષસ હતો તેણે શંકર ભગવાનનું તપ કરીને તેમને પ્રસન્ન કર્યા. શંકર ભગવાને તેને વરદાન માંગવાનું કહ્યું. ત્યારે લવણાસુરે શંકર ભગવાન પાસે વરદાન માંગ્યું કે મારૂ કોઈ અસ્ત્ર કે શસ્ત્રથી મૃત્યુ ન થાય. આવું વરદાન હોવાથી લવણાસુર દેવો સહીત બધાને રંજાડવા લાગ્યો દેવો ત્રાહીમામ પોકારી ઉઠયા અને વિષ્ણુ ભગવાન પાસે લવણાસુરના ત્રાસમાંથી બચાવવા વિનંતી કરવા લાગ્યા. દેવો ત્રાહીમામ પોકારી ઉઠયા અને વિષ્ણુ ભગવાન પાસે લવણાસુરના ત્રાસમાંથી બચાવવા વિનંતી કરવા લાગ્યા. વિષ્ણુ ભગવાને તેમને વરદાન આપ્યું કે તે લવણાસુરને મારશે. આ વાત સાંભળી લવણાસુર ડરી ગયો અને જબ્બર ખાડો ખોદી તેના ઉપર સજ્જડ ઢાંકણું દઈ સંતાઈ ગયો. માત્ર શ્વાસોશ્વાસ માટે કુંડમાં એક નાનુ કાણું રાખ્યું. વિષ્ણુ ભગવાન પછી ત્યાં આવે છે અને જુએ છે તો કુંડમાં જવાનો કયાંય માર્ગ નથી તેઓ પછી કુંડની ચારે તરફ ચકકર મારે છે. તો તેમને એક નાનુ કાણું નજરે પડે છે. વિષ્ણુ ભગવાન વામનરૂપ ધારણ કરી અને કુંડમાં પ્રવેશ કરે છે. ત્યાં વિષ્ણુ ભગવાન અને લવણાસુરની જબ્બર લડાઈ થાય છે. લવણાસુરને વરદાન હતું કે તે કોઈ અસ્ત્ર શસ્ત્રથી નહી મરે. તેથી વિષ્ણુ ભગવાને લવણાસુરની નાભિમાં તેમના પગનો અંગૂઠો ભરાવી તેને ગોળ ગોળ ફેરવી પછાડયો લવણાસુરના રામ રમી ગયા. મૃત્યુ પામતા પહેલા લવણાસુરના શરીરમાંથી એવડો મોટો છેલ્લો શ્વાસ નીકળ્યો કે તેમણે કુંડના ઢાંકણાને ઉછાળી નજીકમાં ફેંકયુ ત્યારે વિષ્ણુ ભગવાનના અંગૂઠાને લવણાસુરને ચકકર ચકકર ફેરવવામાં જબરો શ્રમ પડયો હતો અને લોહી નીકળતું હતું તે સાફ કરવા ત્યાં ગંગાજી ઉત્પન થયા. આ કથાનો વૈજ્ઞાનિક અર્થ એવો છે કે તે નાના કાણા વાટે એક ૧૫૦ ફુટનો લઘુગ્રહ ત્રાસી દિશામાંથી ત્યાં પૃથ્વી સાથે અથડાયો હતો એ નાનો લઘુગ્રહ પોતે જ વિષ્ણુ ભગવાનનું વામન સ્વરૂપ હતું તે લઘુગ્રહ ત્યાં અથડાયો તે ત્યાં ચકકર ચકકર ફર્યો હતો અને એનો એક મોટો ટુકડો ઉછળી બાજુમાં પડયો હતો જેને છીછરો ઉલ્કાકુંડ બનાવ્યો અને મુખ્ય લઘુગ્રહના ટુકડાએ બે કિલોમીટરના વ્યાસનો અને એક હજાર ફુટ ઉંડો મોટો ઉલ્કાકુંડ બનાવ્યો. ત્યારે જે ગંગા અવતરણ થયું તે લઘુગ્રહની ત્યાં અથડામણથી બાજુના નાના પહાડ ઉપર એટલું તો પ્રેશર આવ્યું કે ત્યાં ઝરણું ફુટી નીકળ્યુ. નજીકમાં સુતેલા હનુમાનજીની જે કથા છે તે એવી છે કે લક્ષ્મણને મુર્છા આવી ગઈ હતી તેથી હનુમાનજી હિમાલયમાંથી સંજીવની લેવા ગયા હતા. નાના પહાડમાં જે સંજીવની ઉગી હતી તે લઈને આવતા હતા તેથી હનુમાનજી થાક ઉતારવા બે ઘડી સુઈ ગયા હતા તે સુતેલા હનુમાનજી હકીકતમાં ભારે લાંબો ઉલ્કાપાષાણ છે. જે લઘુગ્રહ ત્યાં અથડાયો તેનો ટુકડો છે જો એ સુતેલા હનુમાનજીની નજીકમાં લોહચુંબક લઈ જઈએ તો તે આકર્ષાય છે એટલે કે ઉલ્કાપાષાણ છે. આ કથા લવણાસુરની છે. પણ આકાશમાંથી આવેલા લઘુગ્રહે ત્યાં પૃથ્વી સાથે અથડાઈ બે કિલોમીટરનો વિશાળ ઉલ્કાકુંડ બનાવ્યો તેની કથા છે. અમેરિકી વિજ્ઞાનીઓએ તેનો અભ્યાસ કર્યો. ભારતીય વિજ્ઞાનીઓએ પણ તેનો અભ્યાસ કર્યો અને સાબિત કર્યુ છે કે લોનાર તળાવ ઉલ્કાકુંડ છે અને તે ૫૦ હજાર વર્ષ પહેલા બન્યો હતો. તેમાં હવે પાણી ભરાઈ જવાથી તે વિશાળ સુંદર તળાવના રૂપે આપણને દ્રશ્યમાન થાય છે. તેનું પાણી ૫૦ હજાર વર્ષ જુનુ છે. તે હવે બર્ડ સેક્ચ્યુઅરી થઈ ગયો છે. તેની કિનારીએ ઉભા રહીએ તો જબ્બર આહ્લાદક અનુભવ થાય છે.ત્યાંથી ખસવાનું મન જ ન થાય. ત્યાં પ્રદેશની ભૂમિ બસાલ્ટિકી છે. ચંદ્રની ભૂમિ પણ બલાસ્ટિક છે એટલે ચંદ્ર ઉપરના ઉલ્કાકુંડો આ લોનાર ઉલ્કાકુંડ જેવો જ છે લોનાર ઉષ્ણકુંડ પણ ચંદ્ર ઉપરના ઉષ્ણકુંડ જેવો બલાસ્ટિક ઉલ્કાકુંડ જ છે. માત્ર તેમાં પાણી ભરાઈ ગયું છે. લોનાર ઉલ્કાકુંડ જોઈએ તો એનો



અર્થ એમ થાય કે આપણે ચંદ્ર ઉપરનો ઉલ્કાકુંડ જ જોઈએ છીએ. ચંદ્ર ઉપર ઉલ્કાકુંડ જોવા જવાની જરૂર નહી ચોમાસામાં કે ચોમાસા પછી લોનાર ઉલ્કાકુંડ જુઓ તો ખુબ જ અલ્હાદાક અનુભવ થાય. કારણ કે તેને કુદરતે બનાવ્યો છે. ઉત્તર પશ્ચિમમાંથી એક નાનો ૧૫૦ ફુટની સાઈઝનો લઘુગ્રહ લગભગ ૪૫ અંશના ખૂણે આવીને ત્યાં અથડાયો હતો. જો તે ૫૦ મીટરનો બદલે ૫૦૦ મીટર (અડધો કિલોમીટર)ની સાઈઝનો હોત તો પુરા વિદર્ભનો નાશ કરત અને જો તે ૫૦૦૦ મીટરનો હોત તો પુરા મહારાષ્ટ્રને તહસ નહસ કરી નાખ્યુ હોત, કદાચ પુરા ભારતને તહસ નહસ કરી નાખ્યુ હોત. કદાચ પુરા ભારતને નહસ કરી નાખ્યુ હોત. લોનાર લેક વિષે પ્રારંભીક સંશોધન અમેરિકી વિજ્ઞાની ફેડિકસને કરેલું પછી તાતા અને ઈન્ડીયન જિયોલોજીકલ સોસાયટી અને ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના નરેન્દ્ર ભંડારી સાહેબે કરેલું. લોનાર લેકને પ્રકાશમાં લાવનાર લેખક હતા લેખરે લોનાર લેક હકીકતમાં કેવી રીતે બન્યું. નાનો લઘુગ્રહ ત્યાં કેવી રીતે ખાબકયો તેના વિશે સંશોધન કર્યુ છે અને ઈન્ટરનેશનલ વિજ્ઞાન સંશોધન સામયિક 'કરન્ટ સાયન્સ'માં પ્રગટ કર્યુ છે. લોનાર ઉલ્કાકુંડ હકીકતમાં ભારતની શોભા છે અને પુરી દૂનિયામાં ભારતની જેમ વિશિષ્ટ છે. આપણે નસીબદાર છીએ કે ઉલ્કાકુંડ ભારતમાં બન્યો છે. ભારતના બાળકો વિદ્યાર્થીઓ શિક્ષકો જ નહી પણ બધા જ માણસોએ તે જીવનમાં જરૂર જોવો જોઈએ. કુદરતની લીલાનો સાક્ષાત્કાર કરવો જોઈએ. જેમ વરસાદ કલાકમાં બધા જ ડેમો ભરી દે છે અને ગામોના ગામ અને શહેરોના શહેરોને પાણીથી સાફ કરી દે તેવો જ લોનાર લેક કુદરતનો કરિશ્મા છે.

ઈન્દ્રપ્રસ્થમાં કહે છે. માયાવી સ્થપતિએ જળ હોય ત્યાં સ્થળ દેખાય અને સ્થળ હોય ત્યાં જળ દેખાય એવી રચના કરેલી. હજુ સુધી અર્વાચીન વિજ્ઞાન એ કરી શકયું નથી. હા, વિજ્ઞાને સ્થળ હોય ત્યાં જળ કેવી રીતે દેખાય તે આપણને સમજાવ્યું છે ખરૂ જેને આપણે મૃગજળ કહીએ છીએ. આપણા પ્રાચીનોને દર વર્ષે કયારે લાંબામાં લાંબો દિવસ અને ટૂંકામાં ટૂંકી રાત થાય કયારે ટૂંકામાં ટૂંકો દિવસ અને લાંબામાં લાંબી રાત થાય. કયારે દિવસ રાત સરખા થાય. ધ્રુવપ્રદેશ ઉપર છ મહિનાનો દિવસ અને છ મહિનાની રાત થાય, કર્કવૃત અને મકરવૃત વચ્ચે રહેતા માનવીનો પડછાયો અદ્રશ્ય થાય છે તે બધી બાબતોની ખબર હતી પણ તેની પાછળનું વિજ્ઞાન તો અર્વાચીન વિજ્ઞાને જ સમજાવ્યું છે. પૃથ્વીની પરાંચન ગતિને લીધે રાશિચક્ર પશ્ચિમમાં ખસે છે અને કયાં દરે ખસે છે તેની પણ તેમને ખબર હતી. પણ તેની પાછળનું વિજ્ઞાન અને તે ૨૫૮૦૦ વર્ષનું ચક્ર છે તે ખબર ન હતી.

ગીતામાં બ્રહ્માનો દિવસ, દેવોનો દિવસ, પૃથ્વી ઉપરના માનવીઓ દિવસ વગેરે રસપ્રદ વાતો કહેવામાં આવી છે અને શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે હું માનવીના પેટમાં અગ્નિરૂપે રહેલો છું અને બધા જ પ્રકારના અન્ન શ્વાસોશ્વાસની ઘણી બધી ઉટપટાંગ કથાઓ છે. જે માની ન શકાય જે હાલની ટાઈમ ટ્રાવલ અને સ્પેશટ્રાવલ જેવી વાતો છે ભવિષ્યમાં વિજ્ઞાન તેને સાચી પણ સાબિત કરે. પ્રાચીન ભારતમાં અણુ વિજ્ઞાન, તબીબી શાસ્ત્ર, ઔષધિશાસ્ત્ર, ગણિત વિજ્ઞાન, ધાતુ શાસ્ત્ર, રસાયણ શાસ્ત્ર, દર્શન શાસ્ત્ર ભાષા અને વ્યાકરણ શાસ્ત્ર વગેરે ઘણાં વિકસ્યા હતા. જે પતંજલિ, પાણિનિ, કણાદ, બૌધાયન, વેદ ઉપનિષદ, સુશ્રુત, ચરક, આર્યભટ, વરાહમિહિર, બ્રહ્મગુપ્ત, ભાસ્કર, નાગાર્જુનના કાર્યોથી ખબર પડે છે.

# અદાણી વિન્ડ દ્વારા માંડવીના દરિયા કિનારે સ્વચ્છતા અભિયાન

## પર્યાવરણ અને સમુદ્ર સંરક્ષણની પ્રવૃત્તિઓ વેગવાન બનાવવાનો સ્તુત્ય



અમદાવાદ, તા.૧૩

અદાણી જૂથ પર્યાવરણ સંરક્ષણ માટેની પ્રવૃત્તિઓ માટે સતત પ્રયત્નશીલ છે.તાજેતરમાં અદાણી ન્યૂ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (ANIL) દ્વારા માંડવી ખાતે વિશ્વ પર્યાવરણ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. ૫ જૂનથી ૧૧ જૂન દરમિયાન માંડવી બીચને સ્વચ્છ અને સમુદ્રી કચરા મુક્ત કરવાની પહેલ કરવામાં આવી હતી.માંડવી મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી ચલાવાએલા આ અભિયાનનો હેતુ પર્યાવરણ અને સમુદ્ર સંરક્ષણની પ્રવૃત્તિઓને વેગવાન બનાવવાનો હતો. બીચ ક્લીન-અપ અભિયાનમાં અદાણી વિન્ડના કર્મચારીઓ સહિત તેમના પરિવારજનોએ સ્વૈચ્છિક સેવા આપી અનોખુ ઉદાહરણ પ્રસ્તુત કર્યુ હતું.બીચની સ્વચ્છતા અભિયાનમાં ૪૦ જેટલા બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અદાણી વિન્ડની ટીમે સીંગલયુઝ પ્લાસ્ટિક, પર્યાવરણ સંરક્ષણ અને કચરા વ્યવસ્થાપન સહિતની પ્રવૃત્તિઓ વિશે સૌને પ્રેરિત કર્યા હતા.

પ્લાસ્ટિકનો ભંગાર પ્રાચીન ઈકોલોજી અને દરિયાઈ સૃષ્ટિ માટે જોખમરૂપ હોય છે. આ સમસ્યાની ગંભીરતાને જોતાબીચ ઉપરથી પ્રદૂષકોને દૂર કરવા માટે ક્લીન-અપ ડ્રાઈવમાંભરસક પ્રયત્નો કરવામાં આવ્યા હતા.આ અભિયાનમાં આશરે એક મેટ્રિક ટન કચરો, ભંગાર, કાચ, ધાતુઓ, પ્લાસ્ટિક કચરો વગેરે એકત્ર કરી તેનો નિકાલ કરવામાં આવ્યો હતો. સ્વયંસેવકોને રોપા વિતરણ કરીને આ સ્વચ્છતા અભિયાનનું સમાપન કરવામાં આવ્યું હતું.

અદાણી વિન્ડ ભારતના સ્વચ્છ ઉર્જા સંક્રમણને વધારવા અને તેની સમગ્ર કામગીરીમાં વધુ પર્યાવરણીય કારભારીને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે. ANIL મુન્દ્રા ખાતે ભારતની સૌથી વધુ વ્યાપક અને અત્યાધુનિક રિન્યૂએબલ ઉર્જા ઉત્પાદન ઈકોસિસ્ટમનું નિર્માણ કરી રહી છે.

# રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ મહિલા મંડળ દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાશે

જૂનાગઢ તા. ૧૩

પરમ પૂ. સંત મુકતાનંદ બાપુના આશીર્વાદ અને સહયોગથી જૂનાગઢ શહેરમાં વસતા રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિના સને ૨૦૨૪માં ઉતિર્ણ થયેલા તેજસ્વી વિદ્યાર્થીઓનો સરસ્વતી સન્માન સમારોહ રા.બ્રા. મહિલા મંડળ જૂનાગઢ દ્વારા યોજવાનું નકકી કરવામાં આવેલ છે. ધો.૧થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ કે જેમણે ૭૦ ટકાથી વધુ માર્કસ મેળવ્યા હોય તેવા વિદ્યાર્થીઓ આ સન્માન સમારોહમાં ભાગ લઈ શકશે. તેમજ ગ્રેજયુએશન, આર્ટસ, કોમર્સ, સાયન્સ, મેડીકલ, એન્જીનીયરીંગ આયુર્વેદિક હોમિયોપેથીક ફાર્મસી વિગેરેમાં છેલ્લા વર્ષમાં ૭૦ ટકાથી વધુ માર્કસ મેળવ્યા હોય તેવા વિદ્યાર્થીઓ આ સન્માન સમારોહમાં ભાગ લઈ શકશે. આ પ્રસંગે પરમ પૂજય સંત શ્રી મુકતાનંદબાપુ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને આશીર્વાદ આપવાના છે.

આ સન્માન સમારોહમાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓએ પાસ કરેલ પરીક્ષાની માર્કશીટની ઝેરોક્ષ કોપી અને તેની પાછળ પોતાનું આખું સરનામું, મોબાઈલ નંબર તથા વોટ્સએપ નંબર લખવાના રહેશે. માર્કશીટની કોપી તા.૨૭-૬-૨૦૨૪ સુધીમાં મીનાક્ષીબેન સંજયભાઈ મહેતા, ગુરૂકૃપા, અમુલ શોપ, રાજમહેલ એપાર્ટમેન્ટ નીચે, સિધ્ધનાથ મહાદેવ વાળી ગલી, ઝાંઝરડા રોડ જૂનાગઢ (મો.૯૬૩૮૬-૦૯૧૬૧)દ તથા કૈલાસબેન દવે, ક્રિષ્ના પાર્ક સોસાયટી, ગણેશનગર પાસે, માધવ પેલેસવાળી ગલી, જૂનાગઢ (મો.૯૪૨૬૬ ૮૯૮૫૪) ને પહોંચાડવાની રહેશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

### IRDAIએ આપી મોટી રાહત

# દસ્તાવેજોના અભાવે કંપનીઓ મોટર વીમાના દાવાને નકારી શકશે નહીં

## IRDAI એ મોટર વીમા દાવાની પતાવટની પ્રક્રિયાને સરળ બનાવવા માટે એક મુખ્ય પરિપત્ર બહાર પાડ્યો

નવી દિલ્હી, તા.૧૩

ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IRDAI) એ મોટર ઈન્સ્યોરન્સ લેનારા ગ્રાહકોને મોટી રાહત આપી છે. IRDAIએ મંગળવારે એક માસ્ટર સર્ક્યુલર જારી કરીને સામાન્ય જીવન વીમા કંપનીઓને વિશેષ સૂચનાઓ આપી છે. આ પરિપત્ર જારી થયા બાદ હવે કંપનીઓ દસ્તાવેજોની અછત હોવા છતાં ગ્રાહકોના દાવાને નકારી શકશે નહીં.

આ પરિપત્ર દ્વારા, વીમા કંપનીએ ક્લેમ સેટલમેન્ટ પ્રક્રિયાને વધુ સરળ અને વધુ ગ્રાહક કેન્દ્રિત બનાવવાનો પ્રયાસ કર્યો છે. અગાઉ, વીમા નિયમનકારે આરોગ્ય વીમા માટે પણ સમાન માસ્ટર પરિપત્ર બહાર પાડ્યો હતો. ઈન્સ્યોરન્સ રેગ્યુલેટર એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IRDAI) એ સામાન્ય વીમા કંપનીઓને ગ્રાહકોને વધુ સારી સેવા આપવા માટે એક માસ્ટર સર્ક્યુલર પણ જારી કર્યો છે.

IRDAI દ્વારા બહાર પાડવામાં આવેલા માસ્ટર સર્ક્યુલર દ્વારા કુલ ૧૩ જૂના પરિપત્રોને રદ કરવામાં આવ્યા છે. આ બાબતે માહિતી આપતા IRDAIએ કહ્યું છે કે આ પરિપત્ર જારી થયા બાદ હવે તે વીમા કંપનીઓને ગ્રાહકોની વ્યક્તિગત જરૂરિયાતોને સમજવામાં મદદ કરશે. આ સાથે કંપનીઓ ગ્રાહકોની જરૂરિયાતો અનુસાર વીમા પ્રોડક્ટ્સ લોન્ચ કરી શકશે અને ગ્રાહકોને પહેલા કરતા વધુ વિકલ્પો મળશે અને તેનાથી તેમના વીમા અનુભવમાં સુધારો થશે.

IRDAI દ્વારા જારી કરાયેલા પરિપત્રમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે હવે કોઈ પણ મોટર ઈન્સ્યોરન્સનો દાવો દસ્તાવેજોના અભાવે નકારી શકાશે નહીં. આ સાથે વીમા કંપનીઓને પણ સૂચના આપવામાં આવી છે કે તેઓ માત્ર જરૂરી દસ્તાવેજોની જ માંગ કરે.

આ સાથે, વીમા નિયમનકારે મોટર વીમો પ્રદાન કરતી કંપનીઓને આરોગ્ય વીમાની તર્જ પર ગ્રાહકને ગ્રાહક માહિતી પત્રક (CIS) આપવાનો પણ નિર્દેશ આપ્યો છે. આ પત્ર દ્વારા ગ્રાહકોને સરળ શબ્દોમાં પોલિસીની વિગતો જાણવાની તક મળશે. આ દસ્તાવેજમાં, વીમા કંપનીઓ ગ્રાહકોને વીમા કવરેજનો અવકાશ તેમજ એડ ઓન્સ, વીમાની રકમ, શરતો અને વોરંટી, દાવાની પ્રક્રિયા વગેરે જેવી માહિતી પ્રદાન કરશે.

IRDAIએ ગ્રાહકો માટે પોલિસી રદ કરવાની અને રિફંડની પ્રક્રિયાને સરળ બનાવી છે. હવે પોલિસીધારકે વીમો રદ કરવાનું કારણ જણાવવું પડશે નહીં. આ માટે, પોલિસીનો સમયગાળો ઓછામાં ઓછો ૧ વર્ષનો હોવો જોઈએ અને આ સમયગાળા દરમિયાન ગ્રાહકે કોઈપણ પ્રકારનો દાવો ન લીધો હોવો જોઈએ.

એક વર્ષથી વધુની પોલિસી અવધિ માટે પ્રીમિયમ પર રિફંડનો દાવો કરી શકાય છે. આ સાથે હવે ગ્રાહકો છેતરપિંડી સાબિત થવાના આધારે જ પોલિસી કેન્સલ કરી શકશે. પોલિસી કેન્સલ કરતા પહેલા ગ્રાહકે કંપનીને માત્ર ૭ દિવસ પહેલા નોટિસ આપવાની હોય છે. આ સાથે વીમા કંપનીઓને પણ કહેવામાં આવ્યું છે કે તમે પે એઝ યુ ડ્રાઈવ અને પે એઝ યુ ગો એઝ યુ ગ્રાહકોને વિકલ્પો આપવા.

# અયોધ્યામાં એનએસજી યુનિટની થશે સ્થાપના

## કેન્દ્ર સરકાર દ્વારા એનએસજી (NSG) કમાન્ડો યુનિટ બનાવવા માટે જમીનની શોધ કરવામાં આવી રહી છે

અયોધ્યા, તા.૧૩

અયોધ્યામાં રામ જન્મભૂમિ મંદિરના નિર્માણ બાદ હવે જિલ્લાની સુરક્ષા વ્યવસ્થા સઘન કરવામાં આવી રહી છે. કેન્દ્ર સરકાર હવે અહીં નેશનલ સિક્યોરીટી ગાર્ડ (NSG) કમાન્ડો યુનિટ બનાવવાની તૈયારી કરી રહી છે જેના માટે જમીનની શોધ ચાલી રહી છે. કેન્દ્ર સરકારના નિર્ણયની મંજૂરી બાદ NSGના બ્લેક કેટ કમાન્ડોને અહીં તૈનાત કરવામાં આવશે. જિલ્લામાં અત્યાર સુધીમાં કેન્દ્ર સરકારની બે સુરક્ષા એજન્સીઓ અને રાજ્ય સરકારની ચાર સુરક્ષા એજન્સીઓ તૈનાત છે. કોઈપણ VVIP મુલાકાત પર દિલ્હીથી NSG કમાન્ડોને બોલાવવામાં આવે છે. રામ મંદિરના નિર્માણ પછી, જિલ્લામાં અવારનવાર ફ્ફ્ફ્નૈની મુલાકાતો થાય છે અને દરેક સમયે ભક્તોની ભારે ભીડ રહે છે. તદુપરાંત અયોધ્યા સમયાંતરે આતંકવાદીઓના નિશાના પર રહી છે, જેને જોતા હવે અહીં સુરક્ષા સઘન કરવામાં આવી રહી છે. આ માટે ભવિષ્યમાં અહીં NSG કમાન્ડોની એક યુનિટની સ્થાપના કરવાની તૈયારી છે. અહેવાલોમાં સૂત્રોને ટાંકીને જણાવ્યા મુજબ, NSGની ટીમે જિલ્લા વહીવટીતંત્રનો સંપર્ક કર્યો છે અને જમીનની ઓળખ કરીને તેને ઉપલબ્ધ કરાવવા જણાવ્યું છે. જેના પર ઝડપથી કામ ચાલી રહ્યું છે. તે જ સમયે, પોલીસ મહાનિરીક્ષક પ્રવીણ કુમારે કહ્યું છે કે, અયોધ્યામાં દ્રજીટ યુનિટ ખોલવાની માહિતી છે, પરંતુ તેમની પાસે સંપૂર્ણ માહિતી નથી.

# દેવભૂમિ દ્વારકામાં ફાયર વિભાગ દ્વારા સઘન ઝુંબેશ એન.ઓ.સી. ચેકિંગ તથા સીલિંગની કાર્યવાહી કરાઈ





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૩

ખંભાળિયા સહિત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફાયર વિભાગ દ્વારા આગ સામે સાવચેતી અંગેના પગલાં સહિતના મુદ્દે ચેકીંગ કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં ગઈકાલે દ્વારકાના જુદા જુદા વિસ્તારોમાં ફાયરની ટીમએ એન.ઓ.સી. સહિતના મુદ્દે સઘન ચેકિંગ કામગીરી કરી હતી.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ચીફ ફાયર ઓફિસર મિતરાજસિંહ પરમાર તેમજ તેમની ટીમ દ્વારા જિલ્લા કલેકટરની સૂચના અને માર્ગદર્શન હેઠળ જિલ્લાના જુદા જુદા સ્થળોએ ફાયર સેફટી અંગેના પગલાં નોટીસો તેમજ સર્વે અને ચેકિંગની હાથ ધરવામાં આવેલી કાર્યવાહીમાં જુદા જુદા વિસ્તારોમાં આવેલી બે હોટલો તેમજ બે ભુવનો (ધર્મશાળાઓ)માં ફાયર એન.ઓ.સી.ન હોવાના કારણસર તથા ફાયરના સાધનો વસાવેલા ન હોવાથી આ ચારેય એકમો સીલ કરવાની કામગીરી કરવામાં આવી હતી. આ ઉપરાંત જુદા જુદા વિસ્તારોમાં બંધ મકાનો પર નોટિસ લગાડીને સક્ષમ અધિકારીની મંજૂરી વગર સીલ ન ખોલવા અને અન્યથા ફોજદારી ફરિયાદની નોટિસ પણ લગાડવામાં આવી હતી. આ કામગીરી ખંભાળિયા ડિવિઝનના ફાયર કચેરી સ્ટેશનના અધિકારીઓ દ્વારા કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે દ્વારકા નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા દ્વારકાની જુદી જુદી બસો જેટલી મિલકતોના આસામીઓને ફાયર એન.ઓ.સી. સહિતની બાબતે નોટીસો ફટકારવામાં આવી છે. જિલ્લામાં દ્વારકા શહેરમાં સૌપ્રથમ વખત સલામતીના કારણોસર પ્રથમ વખત આ પ્રકારે ચાર મિલકતો સીલ કરવાની કામગીરી કરવામાં આવી છે.

જો કે જિલ્લાની તમામ છ નગરપાલિકા વિસ્તારોમાં ચેકિંગ કરીને જો કોઈ આસામી આ અંગે કસૂરવાન હસે તો તેની મિલકતો સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવશે તેમ ફાયર ઓફિસર પરમાર દ્વારા વધુમાં જણાવ્યું છે.

# અખબારી અહેવાલના પગલે ડોળાસા લેરકા રોડ વચ્ચે ઉભેલા વીજ પોલને દૂર કરાયો

(નિરવ ગઢીયા દ્વારા)

ડોળાસા, તા.૧૩

કોડીનાર તાલુકાના ડોળાસાથી ઉના તાલુકાના લેરકા ગામ સુધીનો ચાર કી.મી.ના નવા પેવરનું તાજેતરમાં જ નિર્માણ થયું છે પણ ખૂબ જ આશ્ચર્ય થાય તેવું આ રોડ ઉપર બની ગયું.! રોડનું કામ પૂર્ણ થયું પણ રોડની વચ્ચે એક વિંજ પોલ હટાવવામાં ન આવ્યો અને રોડનું કામ પૂરૂ થયું હતું.



આ બાબતના અખબારી અહેવાલો તા.૧૨/૬/૨૦૨૪ના રોજ પ્રસિદ્ધ થતા જ તંત્ર સફાળું જાગ્યું હતું અને સવારના દસ વાગ્યા સુધીમાં આ વીજ પોલ રોડ વચ્ચેથી દુર કરતા આ પ્રશ્નનો સુખદ અંત આવ્યો છે. છેલ્લા કેટલાક સમયથી ડોળાસાથી લેરકા સુધીના રોડનું કામ ચાલુ હતું પણ કેટલાક સ્થાનિક પ્રશ્નોને કારણે થોડો સમય કામ અટકી ગયું હતુ જેમાં વાડી વિસ્તારના અનેક વીજ પોલ આવતા હતા. કોડીનાર વીજ તંત્રના નાયબ કાર્ય પાલક એન્જિનિયર જશુંભાઈ બારડના માર્ગદર્શન હેઠળ કોડીનાર તાલુકાની હદમાં આવતા છ વીજ પોલ વીજ વિભાગની ટીમ દ્વારા ગણતરીની કલાકોમાં હઠાવી દેવાયા હતા. એક વિજ પોલ લેરકા (ઉના) ની હદમાં આવતો હતો જે દૂર કરવા આ કામ ન કોન્ટ્રાકટર કે. વી. બારડ અને લેરકા ગામના સરપંચ દિલીપભાઈ વાળાએ ઉના વીજ કચેરીને લેખીતમાં અરજી આપી હતી પરંતુ કમનસીબે આ બાબતે સમય સર ધ્યાન નહીં અપાતાં આ પોલ હોવા છતાં રોડનું કામ પૂરૂ થયું હતું. આ બાબતે ગઈકાલ તા. ૧૨/૬ ના રોજ પ્રસિદ્ધ થયેલા અખબારી અહેવાલોના પગલે આ વીજ પોલ રોડ ઉપરથી હટાવી લેવાતા આ પ્રશ્નનો ઉકેલ આવ્યો છે.

### ગુજરાતમાં આગામી ૩ દિવસ વરસાદની આગાહી

# ભીષણ ગરમી સામે ઝઝૂમી રહેલા ઉત્તર ભારતને હવે રાહત મળવાના એંધાણ

નવી દિલ્હી, તા.૧૩

ભીષણ ગરમી સામે ઝઝૂમી રહેલા ઉત્તર ભારતને હવે રાહત મળવાના એંધાણ છે. દેશમાં ચોમાસું આગળ વધી ચૂક્યું છે અને હવે ગુજરાત, તેલંગણા અને મહારાષ્ટ્ર સહિત તમામ ક્ષેત્રોને કવર કરી ચૂક્યું છે. પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને પૂર્વોત્તર ભારતના કેટલાક વિસ્તારોમાં વરસાદ નોંધાયો છે. વરસાદના કારણે મોટાભાગના વિસ્તારોમાં તાપમાનમાં પણ ઘટાડો થયો છે. જો કે ચંડીગઢ, પંજાબ જેવાકેટલાક વિસ્તારોમાં હજુ પારો ઉપર છે. યુપીના મોટાભાગના વિસ્તારોમાં મંગળવારે ગરમીનો દોર જોવા મળ્યો. તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ ઉપર નોંધાયું. ગુજરાતની વાત કરીએ તો ગુજરાતમાં ૪ દિવસ વહેલું ચોમાસું બેસી ગયું છે. આગામી ૩ દિવસ ક્યાં વરસાદ પડશે તે ખાસ જાણો.

પૂર્વા પશ્ચિમ બંગાળ, સિક્કિમ, અસમ અને મેઘાલય, પશ્ચિમમાં મહારાષ્ટ્ર, ગોવાના કેટલાક ભાગો, દક્ષિણમાં કર્ણાટક, કેરળ અને તમિલનાડુ તથા પૂર્વ મધ્ય પ્રદેશના અલગ અલગ વિસ્તારોમાં ભારે વરસાદ નોંધાયો છે. દક્ષિણ પશ્ચિમ ચોમાસાના ક્ષેત્રમાં આગળ વધવા અને પૂર્વોત્તર અસર પર ચક્રવાતી હવાઓં ક્ષેત્ર બનવાના કારણે ઝારખંડ, ઓડિશા, બિહાર, છત્તીસગઢ સહિત અન્ય રાજ્યોમાં વરસાદની શક્યતા છે. આગામી સાત દિવસોમાં નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા સહિત પૂર્વોત્તર ભારતના અન્ય રાજ્યોમાં પણ વરસાદની શક્યતા છે. ગુજરાતમાં સામાન્ય રીતે દર વર્ષે ૧૫ જૂનની આજુબાજુ ચોમાસાની શરૂઆત થતી હોય છે. પરંતુ આ વર્ષે ૪ દિવસ વહેલું એટલે કે ૧૧ જૂનથી શરૂઆત થઈ ગઈ. એટલું જ નહીં આ વર્ષે ચોમાસાની સીઝનનો ૯૦થી ૯૫ ટકા દિવસોમાંથી જ સરેરાશ ૩૮ દિવસ સુધી હળવાથી ભારે વરસાદ પડશે. જેથી આ વર્ષે રાજ્યમાં સામાન્ય કરતા સારા વરસાદના એંધાણ છે. ૧૩ જૂનના રોજ અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં સાર્વત્રિક વરસાદ પડવાની શક્યતા છે. ૧૩ જૂનના રોજ અમદાવાદ, વડોદરા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દબણ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, દીવમાં વરસાદ પડવાની શક્યતા છે. આ ઉપરાંત ૧૪મી જૂનના રોજ સુરત, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં વરસાદની આગાહી છે. હવામાન ખાતાના જણાવ્યાં મુજબ આ વર્ષે જૂનથી સપ્ટેમ્બર દરમિયાન ચોમાસાની સીઝનના ૯૦થી ૯૫ દિવસના ૩૮ દિવસમાં જ ભારેથી હળવો વરસાદ પડવાની વકી છે. જેમાંથી ૯ દિવસ ભારેથી અતિભારે, ૧૭ દિવસ મધ્યમ અને ૧૨ દિવસ સુધી હળવો વરસાદ પડી શકે છે.

# પેટ્રોલ-ડીઝલ જેવા ઈંધણને GSTના દાયરામાં લાવવા પ્રયાસ કરાશે

નવી દિલ્હી, તા.૧૩

દેશમાં લોકસભાની ચૂંટણી બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નવી એનડીએની સરકાર 'મોદી ૩.૦'ની રચના કરવામાં આવી છે. આ ઉપરાંત ૭૨ મંત્રીઓમાં મંત્રાલયો પણ વહેંચવામાં આવ્યા છે. હરદીપ સિંહ પુરીને ફરી એક વખત પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયની જવાબદારી સોંપવામાં આવી છે અને તેમણે કાર્યભાર સંભાળતાની સાથે જ એક મોટી જાહેરાત કરી છે.

કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીનું કહેવું છે કે, આ વખતે કેન્દ્ર સરકાર પેટ્રોલ, ડીઝલ અને કુદરતી ગેસ જેવી ચીજવસ્તુઓને ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST)ના દાયરામાં લાવવાનો પ્રયાસ કરશે. તેનાથી સામાન્ય લોકોને મોટી રાહત મળશે. પેટ્રોલ અને ડીઝલ જેવા ઈંધણને GSTના દાયરામાં લાવવાનો આ પ્રયાસ નવો નથી. GST સિસ્ટમ અમલમાં આવી ત્યારથી અને ત્યારબાદ GST કાઉન્સિલની રચના થઈ ત્યારથી આ માટેના પ્રયાસો થઈ રહ્યા છે. જીએસટી કાઉન્સિલની લગભગ દરેક બેઠકમાં આ બાબતને આગળ કરવામાં આવી છે. પરંતુ આ અંગે રાજ્યો વચ્ચે હજુ સુધી સહમતિ બની શકી નથી.

પેટ્રોલ અને ડીઝલ પરનો વેટ રાજ્ય સરકાર માટે આવકનો મુખ્ય સ્ત્રોત છે. આવી સ્થિતિમાં, રાજ્ય સરકારો પેટ્રોલ અને ડીઝલને જીએસટી હેઠળ આવવાને કારણે તેમની આવકમાં નુકસાનનો સામનો કરવા માંગતી નથી. આ સિવાય રાજ્યોને દારૂ પરના ટેક્સમાંથી પણ મોટી આવક મળે છે. જોકે, નાણામંત્રી નિર્મલા સીતારમણે ગયા વર્ષે નવેમ્બરમાં કહ્યું હતું કે, પેટ્રોલ અને ડીઝલને જીએસટીના દાયરામાં લાવવાથી ગ્રાહકોને સૌથી વધુ ફાયદો થશે. જ્યારે, દેશભરમાં લોકોએ તેના માટે અલગ-અલગ કિંમતો ચૂકવવી પડશે નહીં.

પેટ્રોલ અને ડીઝલને GSTના દાયરામાં લાવવાની સાથે પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યું કે, સરકારે ૨૦૩૦ સુધીમાં પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવવાનું લક્ષ્ય રાખ્યું હતું, પરંતુ હવે તે આગામી વર્ષ એટલે કે ૨૦૨૫ સુધીમાં જ પૂર્ણ થવાની આશા છે. આશા છે. આ સાથે તેમણે કહ્યું કે સરકાર પેટ્રોલિયમ સેકટરના PSUમાં હિસ્સો વેચવાના પક્ષમાં નથી.

# ઉનાળુ વેકેશન પુર્ણ : જૂનાગઢ સહિત જીલ્લાભરની શાળાઓમાં આજથી શિક્ષણકાર્યનો પ્રારંભ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

આજે ઉનાળુ વેકેશન પૂર્ણ થતા આજથી તમામ શાળઓમાં શૈક્ષણીક કાર્ય શરૂ થયું છે. ત્યારે જૂનાગઢ જીલ્લામાં પણ આવેલી કુલ ૧૫૮૫ શાળાઓ ખુલી છે અને આશરે ૭૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ શાળાએ આવશે. વેકેશન દરમ્યાન જે રીતે રાજકોટ ગેમઝોનની દુર્ઘટના બની તેને ધ્યાને લઈને રાજય સરકારે ફાયર સેફટીને લઈને તપાસના આદેશ ફાયર સેફટીને લઈને તપાસના આદેશ આપ્યા હતા. તેમાય ખાસ કરીને શાળામાં ચાલતા સ્કૂલ વાહનોની ચકાસણી કરવાનો દરેક આરટીઓને આદેશ કરવામાં આવ્યો છે.

જૂનાગઢ જીલ્લા શિક્ષણાધિકારી લતાબેન ઉપાધ્યાયએ કહ્યું કે, જીલ્લામાં કુલ ૧૫૮૫ શાળાઓ આવેલી છે. જેમાં ૧૧૬૬ પ્રાથમિક શાળાઓ અને ૪૧૬ ઉચ્ચતર માધ્યમિક શાળાનો સમાવેશ થાય છે. જેને લઈને જૂનાગઢ જીલ્લા આરટીઓ કચેરી પણ વેકેશન દરમ્યાન સ્કૂલ વાહન ચાલકો અને શાળા સંચાલકો સાથે ફાયર સેફટી અને સરકારના નિયમો અંગે વાકેફ કરીને તેનું પાલન કરવા સુચના આપી હતી. તેમજ સમયાંતરે બેઠકો કરી હતી. સરકારના આદેશ અનુસાર આજથી તમામ વાહનોનું ચેકિંગ શરૂ કરવામાં આવ્યું છે. જીલ્લા આરટીઓ અધિકારી પંચાલએ કહ્યું કે, આજથી સવારથી શાળા શરૂ થવા સમયે અને છુટવા સમયે અલગ-અલગ ઈન્સ્પેકટરની ટીમ વાહન ચેકિંગ કરશે. જેમાં ખાસ કરીને વિદ્યાર્થીઓ-મુસાફરોનું પરિવહન કરતા વાહનોમાં ફિટનેશ સર્ટીફિકેટ, પીયુસી, પરમીટ, લાયસન્સ, ફાયર સેફટી અંગેની પૂર્તતા ચકાસવામાં આવશે. તેમજ ટેકસી ઈન્સ્યોરન્સ, વાહનની સ્પીડ, વાહનમાં દફતર બહાર નહી લટકાવવા, પ્રાથમિક સારવારની કીટ, વાહનના દરવાજા લોક કરવા, સ્કૂલ વાહનની આગળ પાછળ લાલ અક્ષરે સ્કૂલ વાન ફરજીયાત લખવું સહિતના નિયમો અંગે ચકાસણી કરવામાં આવશે. સાથે રોડ સેફટીને લઈને પણ આરટીઓ દ્વારા ચકાસણી કરવામાં આવશે. તો બીજી તરફ ગેમઝોનની ઘટનાને લઈને જૂનાગઢ મહાપાલિકા દ્વારા ફાયર સેફટી અંગે શહેરની શાળાઓમાં તપાસ શરૂ કરવામાં આવી હતી. જેમાં અત્યાર સુધીમાં ૧૦૦ જેટલી શાળાઓમાં ફાયર સેફટી અંગે તપાસ કરીને ફાયર એનઓસી પૂર્ણ થયેલી ૨૦ શાળાઓમાં ફાયર શાખા દ્વારા તાલીમ આપવામાં આવી છે અને ફાયર એનઓસી રિન્યુ કરવા તાકીદ કરવામાં આવી છે. તેમજ અત્યાર સુધીમાં ૪૩ જેટલા ટયુશન કલાસીસને સીલ કરવામાં આવ્યા છે. જયારે શહેરમાં સ્કૂલમાં ચાલતા ખાનગી વાહનોના ચાલકો સરકારના કડક વલણથી અવઢવમાં મુકાયા છે. કારણ કે, મોટાભાગના વાહન ચાલકો પાસે ટેકસી પાસીંગ નથી જેથી ચેકિંગમાં તેમને દંડ થવાની કે વાહન ડીટેઈન થવાનો ડર છે. જેથી શહેરમાં આવેલા આશરે ૧૦૦૦ જેટલા સ્કૂલ વાહનો જેમાં સ્કૂલ રિક્ષા, મેજીક, વાનનો સમાવેશ થાય છે. તેમના દ્વારા કલેકટરને આવેદનપત્ર આપીને તેમને સમય આપીને છુટછાટ આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. તેમજ તમામ સ્કૂલ વાહન ચાલકોની એક બેઠક મળી હતી જેમાં મોટાભાગના વાહન ચાલકો બંધ રહે તેવી પણ શકયતાઓ સેવાઈ રહી છે.

# જૂનાગઢના ઉપરકોટમાં બ્રેક વગરની સાયકલ સ્લીપ થતા કિશોરીને ગંભીર ઈજા







(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢના ઉપરકોટ કિલ્લામાં સાઈકલિંગ ટ્રેક ઉપર અકસ્માતની ઘટના બની છે. અમદાવાદની ૧૫ વર્ષની કિશોરી ટ્રેક ઉપર સાઈકલિંગ કરી રહી હતી ત્યારે બ્રેક વગરની સાઈકલ હોવાથી અકસ્માત થતા કિશોરીને મોઢાના ભાગે ગંભીર ઈજા થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

આ અંગેની પ્રાપ્ત થતી વિગત અનુસાર, ઉપરકોટમાં ગઈકાલે બપોરના સમયે અમદાવાદનો એક પરિવાર ઉપરકોટની મુલાકાતે આવ્યો હતો. આ પરિવારની ૧૫ વર્ષની મમતા નામની કિશોરી સાઈકલના ટ્રેક ઉપર સાઈકલ ચલાવતી હતી. આ ટ્રેક ખુબ જ ઢાળ વાળો છે. ઢાળ વાળા ટ્રેક ઉપર સાઈકલમાં કિશોરી ચક્કર લગાવતી હતી ત્યારે અચાનક જ સાઈકલમાં બ્રેક નહી લાગતા સાઈકલ ઉથલી ગઈ હતી.

જેને પગલે કિશોરી સાઈકલ ઉપરથી પડી જતા હાથ, પગ, મોઢા સહિતના શરીરના અન્ય ભાગોમાં ઈજા થતા તેને ૧૦૮ મારફત સિવીલ હોસ્પિટલે સારવાર માટે ખસેડવામાં આવી છે. જ્યાં કિશોરીના સંબંધીએ જણાવ્યું હતું કે, બ્રેક વગરની સાઈકલ હોવાથી આ ઘટના બની છે. જેથી સાઈકલ ફેરવતા પહેલા તેમના સંચાલકોએ તપાસ કરવી જોઈએ અને ત્યારબાદ જ પ્રવાસીઓને સાઈકલ આપવી જોઈએ. સદનસીબે અમારી પુત્રી બચી ગઈ, જો કોઈ દુર્ઘટના બની હોત તો કોણ જવાબદાર ? તેવા સવાલો ઉઠયા છે.

# જૂનાગઢ માર્કેટીંગ યાર્ડમાં શાકભાજીની આવકમાં ઘટાડો - ભાવમાં વધારો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં શાકભાજીની આવક ઘટતા બજારમાં વેચાતા શાકભાજીના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. યાર્ડ કરતા બજારમાં શાકભાજીના ભાવમાં ૫૦ ટકા કરતા વધુનો વધારો જોવા મળી રહ્યો છે. જેના કારણે ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે. હાલમાં ઉનાળાની ઋતુના કારણે શાકભાજીની આવકમાં ઘટાડો થઈ રહ્યો છે. જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં સોમવાર ઉઘડતી બજારે ૩૨૯ ક્વિન્ટલ શાકભાજીની આવક થઈ હતી. જયારે મંગળવાર ૧૦૧ ક્વિન્ટલ ઘટીને આવક ૨૨૮ ક્વિન્ટલ થઈ ગઈ હતી. આમ, એક જ દિવસમાં યાર્ડમાં શાકભાજીની આવક ૩૧ ટકા ઘટી હતી. આવક ઘટતાં અને માંગ એટલી જ રહેતા ભાવ આસમાને પહોંચ્યા છે. એક તરફ શાકભાજીની આવક ઘટતા ભાવમાં વધારો થયો છે. બીજી તરફ સામાન્ય રીતે શાકભાજીના ભાવ વધતા હોય ત્યારે ગૃહિણીઓ શાકભાજીના બદલે કઠોળ તરફ વળતી હોય છે. જોકે, હાલમાં કઠોળના ભાવમાં પણ વધારો થઈ રહ્યો છે. ચણા સહિતના કઠોળ, તુવેરની દાળ વગેરેના ભાવમાં પણ ૧૦ ટકાનો વધારો થયો છે. આમ, શાકભાજી અને કઠોળ બન્નેના ભાવ વધતા ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ રહ્યું છે. દરમ્યાન માર્કેટિંગ યાર્ડના હરેશ ગજેરાએ જણાવ્યું હતું કે, એક તો ઉનાળાની ઋતુના કારણે શાકભાજીની આવક ઘટી રહી છે. બીજું મહત્વનું કારણ એ છેકે, નજીકના સમયમાં જ ચોમાસાની ઋતુ આવવાની હોય ખેડૂતો વાવણી માટે ખેતર તૈયાર કરી રહ્યા છે. પરિણામે ખેતરમાંથી શાકભાજીના છોડ ઉખેડી નાંખતા આવક ઘટી રહી છે. હવે મોટાભાગના ખેડૂતો વરસાદી ઋતુને લઈને મગફળી સહિતના પાકોનું વાવેતર કરવામાટે ખેતર તૈયાર કરી રહ્યા હોય શાકભાજીની આવક ઘટી રહી છે. યાર્ડમાં રીંગણાનો કીલોનો ભાવ ૨૫, ગુવારનો ભાવ ૯૦,લીંબુ ૬૦, ભીંડો ૪૦, કોબી ૧૫, ફલાવર ૨૦, ટમેટા ૩૦, લીલાવટાણા ૧૦૦, તુરીયા ૪૦, કારેલા ૪૦, દૂધી ૨૦, ગલકાં ૪૦ મરચા ૩૦નો ભાવ રહ્યો છે. જ્યારે બજારમાં કિલોનો ભાવ રીંગણા ૪૦થી ૬૦, ગુવાર ૧૨૦થી ૧૬૦, લીંબુ ૮૦થી ૧૨૦, ભીંડો ૬૦ થી ૮૦, કોબી ૪૦ થી ૬૦, ફલાવર ૪૦ થી ૬૦, ટમેટાં ૬૦ થી ૮૦, લીલા વટાણાં ૧૬૦થી ૧૮૦, તુરીયા ૬૦ થી ૮૦, કારેલા ૬૦ થી ૮૦, દૂધી ૪૦ થી ૬૦, ગલકાં ૬૦થી ૮૦ અને મરચાનો ભાવ કિલોનો ૮૦ થી ૧૨૦નો રહ્યો છે. યાર્ડમાં લીલાવટાણા, રીંગણા, ગુવાર, ભીંડો, તુરીયા, કારેલા, દૂધી, ગાજર, ગલકા, કોબી, ટમેટાં, મરચા, લીંબુ, ફલાવર વગેરે શાકભાજીની આવક સોમવારે ૩૨૯ ક્વિન્ટલ થઈ હતી જે મંગળવારે ૨૨૮ ક્વિન્ટલ થઈ હતી. આમ, એક જ દિવસમાં ૩૧ ટકા આવક ઘટી હતી. જોકે, સોમવારે માત્ર ૧૦ટકા આવક વધી હતી જેમાં મોટાભાગે કોબી, ભીંડા અને ટમેટાની આવક વધી હતી.

# જૂનાગઢમાં બફારાથી લોકો વ્યાકુળ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ સહિત સોરઠમાં બુધવારે તાપમાનનો પારો ૩૯ ડિગ્રીની નીચે ઉતરી જવા છતાં બફારોથી લોકો આકુળ વ્યાકુળ થઈ ગયા હતા. શુક્રવારથી રાત્રિનું શરૂ થયેલું ૩૦ ડિગ્રી સતત ૫માં દિવસે એટલે કે મંગળવારની રાત્રે પણ ૩૦.૪ ડિગ્રી નોંધાયું હતું. રાત્રિનું તાપમાન ઓછું થતું ન હોય સવારે લઘુતમ તાપમાનનો પારો પણ યથાવત રહેવા પામ્યો છે. બુધવારની સવારે લઘુતમ તાપમાન ૨૮.૫ ડિગ્રી રહ્યું હતું અને વાતાવરણમાં ભેજ ૭૬ ટકા રહ્યો હતો. આમ વરસાદની પ્રતિક્ષા વચ્ચે બુધવારની બપોરે મહતમ તાપમાન ઘટીને ૩૮.૯ ડિગ્રી થઈ ગયું હતું. પરંતુ વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૪૨ ટકા રહ્યું હતું જેના પરિણામે લોકો પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. બીજી તરફ હજુ ચોમાસુ શરૂ થવાની શક્યતા નથી. દક્ષિણ ગુજરાતમાં ચોમાસાનું આગમન થઈ ચૂકયું છે પરંતુ સૌરાષ્ટ્રવાસીઓએ ચોમાસાની ગતિ મંદ પડી ગઈ હોવાથી વરસાદની રાહ જોવી પડશે અને ૩૮થી ૩૯ ડિગ્રી તાપમાન અને બફારોનો લોકોએ સામનો કરવો પડશે.

# જૂનાગઢમાં વધુ નફાની લાલચ આપી રૂા.૧.૪૬ કરોડ ચાઉં કરી ગયેલી ચીટર ગેંગ ઝડપાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢના મોતીબાગ નજીક રહેતા પ્રૌઢને ફોરેકસ ટ્રેડીંગમાં રોકાણ કરવા અને વધુ નફો કમાવા લાલચ આપી ગઠીયાઓએ ૧.૪૬ કરોડ ટ્રાન્સફર કરી લીધા હતા. બાદમાં નફો તો ઠીક, મુદલ પણ પરત આપી ન હતી. આ કિસ્સામાં સાયબર પોલીસે અમદાવાદ, મુંબઈ સાત શખ્સને પકડી લઈ મુદામાલ કબ્જે કર્યો છે. આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગત અનુસાર, શહેરના મોતીબાગ નજીક રહેતા રમેશભાઈ વેલજીભાઈ પાનસુરીયા ગત તા.૧૮-૯-૨૦૨૩ના ઓનલાઈન અલ્ગો ટ્રેડીંગ વિશેની માહિતીનો વિડીયો જોતા હતા ત્યારે તેમાં ઈથેરીયમ કોડમાં રોકાણ વિશેની માહિતીનું પેઈજ જોવા મળ્યું હતું. તેના ઉપર કિલક કરતા તેના મેઈલ આઈડી અને ડાયલોગ બોકસ ખુલ્યું હતું. રમેશભાઈએ તેમાં વિગતો ભરતા અજાણી મહિલાનો ફોન આવ્યો હતો. તેણે ઈથેરીયમ કોડમાં અલ્ગો ટ્રેડીંગ છે જેમાં ઓટોમેટીક ટ્રેડીંગ થશે અને વધુ નફો મળશે તેવી લાલચ આપી હતી. રમેશભાઈએ અલગ-અલગ સમયે કુલ ૧.૪૬ કરોડ રૂપીયા ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં આ ગઠીયાઓએ ફોન ઉપાડવાનું બંધ કરી પૈસા પરત આપ્યા ન હતા. આ અંગે સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ થઈ હતી. સાયબર પોલીસે ઓનલાઈન ટ્રાન્ઝેકશન અને ટેકનિકલ સર્વેલન્સના આધારે અમદાવાદનો ફુડ ડિલીવરી અને છુટક ડ્રાઈવિંગ કરતા ભાવેશ ઉર્ફે બાકડો જશવંત શીરેક(ઉ.વ.૩૮), ફોટોગ્રાફી અને ઉધી કાઢવાનો ધંધો કરતા બહાદુરસિંહ ઉર્ફે જીજ્ઞેશ ઉર્ફે ભોલુ ચતુર વાણીયા(ઉ.વ.૩૨), મુંબઈના વેપારી અજયસિંહ અરવિંદસિંહ ચૌહાણ (ઉ.વ.૫૧), અમીશ દિપક શાહ(ઉ.વ.૪૨), અમદાવાદના આંબાવાડીના હિરેન જગદિશ ઠાકોર(ઉ.વ.૨૭), અમદાવાદના રામદેવનગરના જીલ ઈલ્યાસ પટેલ(ઉ.વ.૨૭) અને મુળ જામનગરના અને હાલ મુંબઈના અંધેરી વેસ્ટ વિસ્તારમાં રહેતા જીજ્ઞેશ ઉર્ફે રાહુલ સુભાષ વોરા(ઉ.વ.૩૯)ને ઝડપી લઈ જૂનાગઢ લઈ આવી કોર્ટમાં રજુ કરતા કોર્ટે જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો. પોલીસે આ શખ્સો પાસેથી રોકડ રકમ કબ્જે કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# યાત્રાળુઓની આતંકવાદીઓ દ્વારા કરાયેલી હત્યાના વિરોધમાં જૂનાગઢ બજરંગ દળ દ્વારા આવેદન અપાયું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

હિન્દુ યાત્રાળુઓ ઉપર આતંકવાદીઓ દ્વારા કરાયેલા હુમલામાં ૧૦ શ્રદ્ધાળુઓના મોત થયા છે. આ અંગે જયેશ ખેસવાણીએ જણાવ્યું હતું કે, એક બસમાં બેસી હિન્દુ યાત્રાળુઓ માતા વૈષ્ણોદેવી કટરાથી જઈ રહ્યા હતા. ત્યારે શિવ ઘોડી પાસે આવેલા હથિયારબંધ આતંકવાદીઓએ નિર્દોષ હિન્દુ યાત્રાળુઓ ઉપર આડેધડ રીતે ગોળીબાર કર્યો હતો. હુમલાના આ બનાવમાં બસ ડ્રાઈવર સહિત ૧૦ શ્રદ્ધાળુઓના મોત થયા છે. આ બનાવથી સમગ્ર દેશમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે. ત્યારે આતંકવાદી હુમલામાં મોતને ભેટેલા હિન્દુ યાત્રાળુઓને બજરંગ દળ દ્વારા શ્રદ્ધાંજલી અપાઈ હતી. બાદમાં રાષ્ટ્રપતિને સંબોધીને એક આવેદન જિલ્લા કલેકટરને આપી આવા હુમલામાં સંડોવાયેલાને ઝડપી લઈ કડક કાર્યવાહી કરવા તેમજ ફરી આવા હુમલા ન બને તે માટે પુરતો સુરક્ષા- બંદોબસ્ત ગોઠવવા માંગ કરી હતી.

# વિસાવદરના હસનાપુર ગામે જુગાર રમતા ૬ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

વિસાવદરના હસનાપુર ગામે મંદિર પાસે સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમાતો હોવાની માહિતી મળતા પોલીસે દરોડો પાડીને જેતલવડ ગામના સંજય ઉર્ફે વિશાલ હકાભાઈ જકવાડિયા, મહેશ ગોરધનભાઈ કુરિયા, રવિ સવજીભાઈ ભારોલા, હસનાપુરનાં દેવરાજભાઈ છગનભાઈ ચૌહાણ, કાંતિભાઈ સમજુભાઈ ડેડાણીયા અને અતુલ નાથાભાઈ ઈડરિયા સહિત ૬ શખ્સને ૧૦,૪૫૦ની રોકડ સાથે પકડી લઈ કાર્યવાહી કરી હતી.

